આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- ○ વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- ○ Publication 2nd of Every Month

# ઘરશાળા

સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૪ • અંક : ૨

સળંગ અંક : ૧૦૦૨

મે-૨૦૨૪

# વૈશાખી



આંધળી હરિફાઈના યુગમાં આજના માતા-પિતા પોતાના ૩ થી ૬ વર્ષના બાળકો ઉપર સમય કરતાં પહેલાં અક્ષરજ્ઞાન લાદે છે. જેમાં બાળકોનો માનસિક વિકાસ રૂંધાય છે. આ વયજૂથના બાળકોમાં રહેલી સુષુપ્ત આવડતો ઊજાગર થાય અને તે રીતે તેનો સર્વાંગી વિકાસ થાય તેવો હેતુ સિદ્ધ કરવા માટે સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત બાળવિહારમાં સમગ્ર વર્ષ દરમ્યાન થયેલ જીવનવ્યવહારની પ્રવૃત્તિઓ, ઇંદ્રિય શિક્ષણના સાધનો, સર્જનાત્મક પ્રવૃત્તિઓ, હસ્તકળા જેવી પ્રવૃત્તિઓનું પ્રદર્શન યોજાઈ ગયું. જેની કેટલીક લાક્ષણિક તસ્વીરો...

















# ઘરશાળા

**વર્ષ : ૮૪**

**સળંગ અંક : ૧૦૦૨ મે - ૨૦૨૪**



| | |
|---|---|
| **સ્થાપક તંત્રીઓ :** | **હરભાઈ ત્રિવેદી**<br>**રઘુભાઈ નાયક** |
| **તંત્રીઓ :** | **જ્યોતીન્દ્રભાઈ દવે**<br>**રાજુભા ઝાલા** |
| **સહતંત્રી :** | **અશોકભાઈ સોમપુરા** |
| **વ્યવસ્થા અને સંકલન :** | **કે. ડી. પટેલ** |
| **પરામર્શ :** | **મૃદુલાબહેન ત્રિવેદી**<br>**અમિતાબહેન પાલખીવાલા** |


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


**-: ઘરશાળા કાર્યાલય સરનામું :-**

**સરસ્વતી વિદ્યામંડળ**
**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**
**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**
**ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭**
**મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩**


## અનુક્રમ


| | |
|---|---|
| કોડિયું નાનું નાનું | ગોવિંદ દરજી 'દેવાંશુ'/૪ |
| સંપાદકીય - ચૂંટણીનું ચિંતન | જ્યોતીન્દ્રભાઈ દવે/૫ |
| શિક્ષણ : વેપાર કે સમાજ સેવા? | રોહિત શુક્લ/૭ |
| ''મિરેકલ મિલેટ્સ - ઝંગોરા ''<br>(Barnyard Millet) | પાલખીવાલા અમિતા મનુભાઈ/૯ |
| મહાવરો મ્હેંકે | ઈશ્વર વાઘેલા/૧૩ |
| વિદ્યાક્ષેત્રના વૈષ્ણવજન | ઈશ્વર પરમાર/૧૪ |
| પહેલાના સમયનું ઉનાળું વેકેશન | અશોકભાઈ સોમપુરા/૨૦ |
| દક્ષિણગંગા ગોદાવરી | સાભાર - કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય/૨૨ |
| સમન્વય અને મેળ : જ્ઞાતિ વ્યવસ્થાનાં બીજ | કાકા કાલેલકર/૨૮ |
| શિક્ષણમાં નવાચારનો પર્યાયી : નાથાભાઈ | સંકલન : અશ્વિન પ્રજાપતિ/૩૧ |
| આંબાની ભાઈબંધી | અર્જુનસિંહ કે. રાઉલજી/૩૮ |
| વિદ્યાર્થી આલમ | /૪૦ |
| શિક્ષણ સમાચાર | - અશોકભાઈ સોમપુરા/૪૧ |



**email : gharashala@saraswatividyamandal.org**
**website : www.saraswatividyamandal.org/publication**


## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

**લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વૉટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.**

**-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-**
**બેંકનું નામ :- બેંક ઑફ બરોડા**
**ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક**
**આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)**

## *કોડિયું નાનું નાનું*

કોડિયું નાનું નાનું
રે ! ભાઈ કોડિયું નાનું નાનું !
પેટાવો તો ઝળહળ ઝળહળ જાણે નભનો ભાનું !
ચોદિશે અંધાર હટાવે નાનું-મોટું ભાળું.
અજવાળાં અજવાળાં પળપળ સોનેરીયે ગાળું.
જીવતરનો ઝગમગતો ઉત્સવ ઉત્તમ એને માનું
રે ! ભાઈ કોડિયું નાનું નાનું !
અંતરને અજવાળે જાણે મહામૂલું ભૈ ટાણું !
મોંઘેરી મિરાંત મળી હો ધનધન પળ ને માણું !
ઠોકર ક્યાંય કદી નહિ વાગે મળે ન એકે બ્હાનું!
રે ! ભાઈ કોડિયું નાનું નાનું !

**ગોવિંદ દરજી 'દેવાંશુ'**

(સી-૫, તુલસીકુંજ સોસાયટી, વૈભવ હોલ પાછળ, ઘોડાસર, અમદાવાદ - ૩૮૦૦૫૦)

---

**ધી રજિસ્ટ્રેશન ઓફ અન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૬૫**
**અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ (સ.ના.૯ જુઓ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ | : **સરસ્વતી વિદ્યામંડળ**, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો | : માસિક |
| ૩. મુદ્રકનું નામ | : **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. રાષ્ટ્રિયતા | : ભારતીય |
| સરનામું | : **સરસ્વતી વિદ્યામંડળ**, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮ |
| ૫. પ્રકાશકનું નામ | : **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૬. રાષ્ટ્રિયતા | : ભારતીય |
| સરનામું | : **સરસ્વતી વિદ્યામંડળ**, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮ |
| સામયિક માલિકી ધરાવનાર | : **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ)**, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮ |


વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામા, માં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૨૦-૪-૨૦૨૪

જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે
પ્રકાશકની સહી

# સંપાદકીય



જ્યોતીન્દ્રભાઈ દવે

## ચૂંટણીનું ચિંતન

વાચકોને આ અંક મળશે ત્યારે ગુજરાતમાં ચૂંટણી સંગ્રામ તેના અંતિમ તબક્કામાં હશે. રાજકીય પક્ષો તેમના ખજાનામાં હશે તેટલા અસ્ત્ર-શસ્ત્રનો ઉપયોગ કરી ચૂક્યા હશે. પ્રજા લગભગ રોજે ઘોંઘાટ-આરોપ-પ્રત્યારોપ અને વાણી વિલાસથી ત્રસ્ત થઈ હશે. આવા ઉત્તેજક વાતાવરણમાં અમને ચિંતન કરવાનો દુઃખાવો ઉપડ્યો છે. માટે આપણી ચૂંટણીના કેટલાક પાસાઓ વિશે થોડો વિચાર વિમર્શ કરીએ.

આમ તો કહેવાય છે, યુધ્યસ્ય કથા રમ્ય. એમ ચૂંટણીના યુદ્ધની મનોરંજક વાત નથી કરવી પણ કેટલીક વૈચારિક વાતો કરવી છે.

લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણી એ ખૂબ જ મહત્વની છે અને માટે જ આપણે તેને ચૂંટણી પર્વ કહીએ છીએ. સમગ્ર વિશ્વના દેશોમાં ચૂંટણી એ મહત્વની ઘટના છે. લોકશાહી વ્યવસ્થામાં કાળક્રમે તેના સ્વરૂપ અને વ્યવસ્થામાં ફેરફારો આવ્યા છે. પાછલા વર્ષોમાં નાણાં અને મસલ પાવર (બાહુબલી)નો ઉપયોગ વધ્યો છે.

ચૂંટણીમાં ભાગ લેનાર તમામને એક સરખી તક (Level Playing Field) મળે તે હેતુથી કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. ખૂબ જ નિવડેલા ચૂંટણી કમિશ્નર શ્રી શેશાન પછી રાજકીય પક્ષો અંકુશમાં આવ્યા છે. અને ત્યારપછી કેટલાક સુધારાઓ લૉ કમિશન દ્વારા સૂચવવામાં આવ્યા હતા. પણ તેનો અમલ કરવાની આપણી રાજકીય પક્ષોની ઈચ્છા નથી.

(૧) રાજકીય પક્ષોની સામાજિક/આર્થિક/વિચારધારા તરફની પ્રતિબદ્ધતા ઓછી છે. માત્ર સત્તાલક્ષી રાજકારણને કારણે તમામ રાજકીય પક્ષોમાં લોકશાહી પ્રત્યેની મૂલ્યનિષ્ઠા રહી નથી.

રાજકીય પક્ષોએ કેટલાક સુધારા ક્રમને સ્વીકાર્યા અને તેમાંથી જ હાલના ''ચૂંટણી બૉન્ડ''નો જન્મ થયો. ચૂંટણી બૉન્ડનો મૂળ આશય કાળાનાણાંના ઉપયોગ પર અંકુશ મૂકવાનો અને રાજકીય પક્ષોને મળતા નાણાંમાં પારદર્શિતા લાવવાનો હતો. આ હેતુ બર નથી આવ્યો અને માટે જ ચૂંટણી બૉન્ડનું બાળમરણ થયું છે.

વર્ષોથી રાજકીય પક્ષોને દેશના મોટા ઉદ્યોગપતિઓ અને ધનાઢ્યો પાસેથી નાણાં મળતા રહ્યા છે. કાળા કે ધોળા નાણાંનો રાજકીય પક્ષોને તેનો છોછ નથી, કડવું સત્ય એ છે કે દુનિયામાં ક્યાંય કશું મફતમાં નથી મળતું. રાજકીય પક્ષો અને દેશના ધનાઢ્યો વચ્ચે થયેલી લેતી-દેતીને તમે લાંચ

કહો કે ભ્રષ્ટાચાર કહો કે સારા શબ્દોમાં વ્યવહાર કહો અંતે તો તે એકબીજાનું પરસ્પર હિત સાચવે છે.

ચૂંટણીઓ એ આર્થિક ગુનાઓની જનની છે તે કહેવું કદાચ વધુ પડતુ લાગે પણ કડવી વાસ્તવિકતા છે.

ચૂંટણીની બીજી આડપેદાશ છે જ્ઞાતિ/ધર્મના નામે રાજકીય પક્ષો દ્વારા થતું સમાજનું વિભાજન. ઉમેદવારની પસંદગી જ્ઞાતિના ધોરણે થાય તે મોટું અનિષ્ઠ છે.

મતદારો પણ જ્ઞાતિ અને ધર્મને ધ્યાનમાં રાખી મતદાન કરે તે મોટી કરૂણતા છે. આઝાદી મળ્યા પછીની શરૂઆતની ચૂંટણીઓમાં આ તત્વ બહુ ઓછું હતું.

૭૫ વર્ષ પછી દેશમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે સાથે સાથે જ્ઞાતિવાદ અને ધાર્મિક કટ્ટરતાઓ વધી છે. આ લોકશાહીના અસ્તિત્વ સામે ચિંતાનો વિષય છે. શિક્ષિત તેમજ યુવાન મતદારોની સંખ્યા વધી તેની સાથે જ્ઞાતિવાદ અને કટ્ટર ધાર્મિકતા વધુ વકી છે. રાજકીય પક્ષોને ભાગલા પાડો ને રાજ કરોનો સિદ્ધાંત અંગ્રેજો તરફથી વારસામાં મળ્યો છે. પરિણામે સમુત્કર્ષની ભાવના ઓછી થઈ છે. રાજકીય હિતમાં જ્ઞાતિના સમીકરણો પ્રમાણે ઉમેદવાર પસંદ થાય અને ચૂંટાય ત્યાં સુધી સિમિત નથી પણ પ્રધાન મંડળમાં પણ આ જ્ઞાતિવાદનું સમતુલન વડાપ્રધાનને કરવું પડે છે. તે લોકશાહીની મોટી કરૂણતા છે.

આપણે ગૌરવ લઈએ કે, દુનિયાની સૌથી મોટી લોકશાહી ભારતની છે. ૭૫ વર્ષથી દેશમાં સત્તાના પરિવર્તનો લોકશાહીથી પ્રણાલિકા પ્રમાણે થયા છે. આપણો દેશ એક પુખ્ત લોકશાહી વિચારધારા દ્વારા આર્થિક/સામાજિક પ્રગતિ કરી રહ્યો છે, પણ આપણી લોકશાહીને લુણો લાગતો જાય છે. સમાજ જીવનમાં લોકશાહીના મૂલ્યોને બળવત્તર બનાવવા આપણે હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.

"Democracy is way of life" - લોકશાહી એ જીવન પદ્ધતિ છે, તે ન ભુલવું જોઈએ.

❀ ❀ ❀

❀ શિક્ષક એટલે ચારિત્ર્ય. ધર્મ એટલે આપણી તમામ જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક નિભાવવી. ધન એટલે પ્રામાણિક માર્ગ આજીવિકા કમાવવી. માતા-પિતાની જવાબદારી એટલે સંતાનોને સમજદાર, વફાદાર અને સંસ્કારી બનાવવા. જિંદગીમાં જ્યારે આ ચારેય સ્તંભોનું સમન્વય થાય છે ત્યારે જીવનમાં સાચા સુખ, સમૃદ્ધિ, સુરક્ષા, સલામતી, શાંતિ, પ્રસન્નતા અને પ્રતિષ્ઠાની અનુભૂતિ થાય છે.

❀ ❀ ❀

**- Dr. Bhanji Somaiya**

# શિક્ષણ : વેપાર કે સમાજ સેવા?

- રોહિત શુક્લ

શિક્ષણની બાબતમાં સરકારી રવૈયો સાવ નિરાશાજનક રહ્યો છે. પ્રાથમિક શિક્ષણમાં, ગુજરાતમાં જ લગભગ ૨૦,૦૦૦ શિક્ષકોની 'ઘટ' વરસોથી ચાલી આવે છે, સરકારી શાળાઓ બંધ થતી જાય છે અને ગામડે ગામડે પણ, ખાનગી અને અંગ્રેજી માધ્યમની નિશાળો ફેલાતી જાય છે. આવી કેટલીક 'એલિટ' શાળાઓમાં કે. જી. કક્ષાએ પણ, પ્રવેશ ફી એકથી પાંચ લાખ રૂપિયા હોય છે. (હવેના ઘણા યુવાઓને લાગવા માંડ્યું છે કે મા-બાપ બનવામાં અસહ્ય આર્થિક બોજો છે; આથી ઘણાએ પરણવાનું જ બંધ કરવા માંડ્યું છે. - આ પ્રકારની વસતીવિષયક પરિવર્તનો વિશે એક અલગ લેખ જરૂરી ગણાય?)

શિક્ષણના ધંધામાંથી ઘી-કેળાં માત્ર પ્રાથમિક કક્ષા પૂરતા સીમિત નથી. માધ્યમિક કક્ષાએ ટ્યુશન વર્ગોની જે બોલબાલા હતી તે હવે ઓસરતી જાય છે. અને ડીજીટલ વર્ગોનું ચલણ વધતું જાય છે. ભણ્યાગણ્યા પછી પણ નોકરી ન મળે તેની ચિંતા રહેતી જ હોય છે. આ સંજોગોમાં ડીજીટલ વર્ગો દ્વારા યુપીએસસી, આઈ.આઈ.ટી. વગેરેના વર્ગોનો વેપાર ચાલે છે. આ વ્યવસ્થાને તો હવે 'સ્ટાર્ટઅપ' ગણાવાય છે. આ તમામે તમામ પ્રકારના શિક્ષણના ધંધાદારીઓ હંમેશાં એક વાત વારંવાર કહે છે : અમારું શિક્ષણ ગુણવત્તાયુક્ત છે. શિયાળાનો અડદિયા પાક કે ચ્યવનપ્રાશ શરીરને મજબૂત બનાવે અને આવા શિક્ષણના ધંધાદારીઓ કારકિર્દીને ઉજ્જવળ બનાવે!

આ ભૂમિકાએ પહોંચ્યા પછીનું કદમ સહેલું છે. હવે ફી (ખર્ચ) અને ગુણવત્તા વચ્ચેના સંબંધને એટલો ફેલાવવો કે તેમાં શંકા કરનારને 'મૂરખ' કે 'ભેજાબાજ' સાબિત કરવાની પણ જરૂર ન રહે. સાહેબ કે શેઠના બાળકોને સરકારી નિશાળમાં તો કાંઈ ભણવા મોકલાતા હશે? સરકાર પોતે ચલાવતી હોય તે નિશાળોમાં પણ સરકારી અધિકારીઓના બાળકો કેમ ભણતા નથી? સરકાર એક પરિપત્ર કરી, પોતાના અધિકારી/કર્મચારીઓને, સરકારી નિશાળોમાં જ ભણાવવાના આદેશ કેમ કરતી નહીં હોય?? ખાનગી નિશાળોની જેવી ખાનગી સ્ટાર્ટ-અપ (ડીજીટલ શિક્ષણ આપતી વેપારી સંસ્થાઓ) પણ અત્યંત ઊંચી ફી રાખવામાં કોઈ ક્ષોભ અનુભવતી નથી.

આવી ઘણી સંસ્થાઓ/કંપનીઓ દેશ અને દુનિયામાં કામ કરે છે. તેમાં કામ કરનારા કેટલાક ટોચના 'સાહેબો'ને વાર્ષિક દોઢ-બે કરોડ રૂપિયાના 'પેકેજ' અપાય છે. આવી ઉચ્ચ-કક્ષાની બુદ્ધિમતા માટે આવો ઊંચો દરમાયો તો મળવો જ જોઈએ ને? પણ સદ્‌ભાગ્યે આ જગતમાં કેટલાક માણસાઈભર્યા મનુષ્યો પણ વસે છે. કુશાગ્ર બુદ્ધિ, ગરીબો તરફની દિલી અનુકંપા અને સંપૂર્ણ સમર્પણભાવથી સમાજની સેવા કરનારા પર સમાજે ધ્યાન આપવું રહ્યું. આ પૈકીના એક એટલે બિહારના પણ શહેરના 'ખાન સર.'

'ખાન સર' તરીકે યુ-ટ્યુબની દુનિયામાં

ફેલાઈ ગયેલો આ જુવાન હજુ ૨૦૨૦ (કોરોના કાળ) સુધી તો સાવ અજ્ઞાત હતો. આર્થિક બેહાલી તો હતી જ; માંડમાંડ બીએસ.સી. કર્યું અને પછી આકસ્મિક રીતે જ છોકરા ભણાવવા માંડ્યું. જાણીતા ટી.વી. શો મેન, કપિલ શર્માની ઢબે ગણિત, રસાયણશાસ્ત્ર, પદાર્થ વિજ્ઞાન વગેરે કુદરતી અને સહજ ભાવે ભણાવવાનું શરૂ કર્યું. લગભગ અકિંચન રહીને ભણાવ્યું તેથી ધનકૂબેરોની નફરત અને ચાલસાઝી પણ વેઠવી પડી. પણ દિમાગ અને ઝબાન એકદમ ટનાટન! હમણાં જ શ્રી અમિતાભ બચ્ચને તેમને 'કરોડપતિ'ના કાર્યક્રમમાં નિમંત્ર્યા. એક પણ લાઈફ લાઈનનો ઉપયોગ કર્યા વગર તે સારા એવા પગથિયા ચડી ગયાં! તેમાંથી જે પૈસા મળ્યા તે ગરીબોને કમ્પ્યૂટર શીખવતી એક સંસ્થાને દાન કરી દીધા!

શિક્ષણનો ધંધો કરનારા આ સમાજનું જો કોઈક 'ગેધરિંગ' રચાય તો આ માણસ કેવો લાગે? સૌ 'મહાનુભાવો' ની વચ્ચે તે જરાકે શોભે ખરો ? પેન્ટ-જેકેટ-ટી-શર્ટ-ચમકતા શૂઝ કે ફ્રેશ મેકઅપ અને ડિઝાઈનર ડ્રેસ પહેરેલી મહિલાઓ વચ્ચે આ માણસ કેવો લાગે? જાહેર ચાર રસ્તે, ચાની કીટલી પાસે ચા પીવા જાય ત્યારે દલિતો-મુસ્લિમો માટેના અલગ કપમાં તેને ચા મળે છે? સામાન્ય કપડાં પણ ભરપૂર આનંદ સાથેના ચમકદાર ચહેરાને કારણે સૌથી અલગ પણ જણાય છે પણ તેની ફી કેટલી હશે ?

રોજના માત્ર પંદર રૂપિયામાં આ બંદો કલાકો સુધી, અઘરામાં અઘરા વિષયો રમતા રમતા ભણાવે છે. આ ગડમથલ કરતા કરતા આ માણસ એમ.એસસી. તો થયો પણ તે દરમિયાન જીવનનું ચિત્ર બદલાઈ ગયું. માનો એક નવું જ દર્શન પ્રાપ્ત થયું. એ કહે છે : આજ સુધીમાં કદાચ એકાદ કરોડ વિદ્યાર્થીઓને ભણાવ્યા છે. પણ તે પૂરતું નથી. આ વિશાળ દેશના લોકોને જરૂરી શિક્ષણ મળવું જ જોઈએ.

મારો ઉદ્દેશ વીસ કરોડ ભારતીયોને શિક્ષણ આપવાનો છે. એ પહેલા જો 'યમરાજ' આવશે તો પણ હું તેમને તાબે નહીં થાઉં'?

'વીસ કરોડ ?' અરે આ દેશની યુનિવર્સિટીઓ ભેગી મળે તો હા આ આંકડે માંડ પહોંચાય? અને આ ભાઈ વીસ કરોડ સુધી પહોંચવા માંગે છે ! એક મોટી પ્રતિષ્ઠત અને વિશાળ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી કૉલેજના નિવૃત્ત અધ્યાપકને પૂછી જો જો :

'તમે જીવનભર કેટલા વિદ્યાર્થીઓને ભણાવ્યા હશે?' આંકડો વીસ-પચીસ હજારથી આગળ નહીં વધે, છતાં તેને લાખેક સુધી લઈ જઈએ? પણ આ માણસ વીસ કરોડને ભણાવવા માંગે છે? એક કરોડને તો ભણાવી ચૂક્યો છે !

એ તેના વિદ્યાર્થીઓ પણ કેવા ? રોજના પંદર રૂપિયામાં ભણવા મળે તે ભણવું - તેથી આગળની કોઈ પહોંચ ન મળે. એક દિવસ છોકરીએ ફોન કર્યો : 'સર, મને સાંજના વર્ગો નથી ફાવતા; વર્ગો સવારે જ રાખો તો!'

ખાન સરે પૂછ્યું - 'કેમ, સાંજે તને શો વાંધો છે?' છોકરી કહે, 'સર, સાંજે હું કપડાં, વાસણ અને કચરાં-પોતાં કરવાં જાઉં છું.' લાખો રૂપિયાની ફી પડાવતી - ઉચ્ચ ગુણવત્તાસભર ગણાતું શિક્ષણ આપતી હોવાનો દાવો કરતી શિક્ષણ સંસ્થામાં વળી આવી છોકરીનું સ્થાન હોય ?

# મિરેકલ મિલેટ્સ - ઝંગોરા (Barnyard Millet)

- પાલખીવાલા અમિતા મનુભાઈ

ભારતીય સંસ્કૃતિમાં એક ખ્યાલ એવો રહ્યો છે કે આપણે સંકુચિત નથી, સીમિત નથી, આપણે પરમ વ્યાપક છીએ. વેદ પહેલેથી જ 'વિશ્વમાનુપ'ની વાત કરે છે ''આ પૃથ્વી ઉપરના સહુ માણસોનો એક પરિવાર છે.'' એમ કહેતા વેદમાં वसुधैव कुटुम्बकम् કહ્યું. આ આખી વસુધા એક કુટુંબરૂપ છે. વળી 'કુટુંબ' નહીં 'કુટુમ્બકમ્' કહ્યું. એટલે કે નાનકડું કુટુંબ. પૃથ્વી ઉપરાંત બ્રહ્માંડ મળીને કુટુંબ પૂરું થાય. આ પ્રકારની વ્યાપક દૃષ્ટિ આપણાં પૂર્વજોએ પણ આ આપી છે. તો જ્ઞાનદેવ, તુકારામ, વિવેકાનંદ, ગાંધીજી, તિલક, ટાગોર-ભારતના આ માનવોના મહાસાગરમાંથી જ ''વિશ્વમાનવ'' શબ્દ ઉદ્‌ભવ્યો. સમસ્ત માનવ-સમાજ મનથી ઉપર ઊઠવાની કોશિશ કરે, એવી કોશિશ થશે તો જ માનવજાતનો ઉદ્ધાર થશે. એટલે વિશ્વને ઉપરના સ્તર પર ચઢાવવું. આ એક દર્શન આપણને શ્રી અરવિંદે કરાવ્યું.

ભરતખંડનું નામ કોઈ વ્યક્તિ ઉપરથી નથી પડ્યું. તેમાં તો આ ભૂમિ બાબત આપણા પૂર્વજોની જે આકાંક્ષા હતી તે પ્રગટ થઈ છે. આ ભૂમિ અખિલ વિશ્વનું ભરણપોષણ કરનારી બને. અખિલ વિશ્વનું ભરણપોષણ એટલે સમગ્ર સજીવ સૃષ્ટિનું પોષણ માત્ર મનુષ્ય નહીં પણ પશુ, પંખી, વનસ્પતિ સર્વેનું પોષણ એક દૃષ્ટાંત દ્વારા કહું તો, સવારનો સમય હતો. એક વ્યક્તિ રસ્તે ચાલતો જતો હતો. ત્યાં એક ખેતર આવ્યું. તે ખેતરમાં પાકનું રક્ષણ કરવા એક માંચડો બાંધેલો અને તેના પર ખેડૂત બેઠો હતો પણ ખેતરમાં તો પક્ષીઓ પાક ખાઈ રહ્યા તા. જોનારે પેલા ખેડૂતને કહ્યું, ''અરે! જો તો ખરો, આ પક્ષીઓ બધું ખાઈ જઈ રહ્યાં છે. જોનારે પેલા ખેડૂતને કહ્યું, ''અરે! જો તો ખરો, આ પક્ષીઓ બધુ ખાઈ જઈ રહ્યાં છે. તારું ધ્યાન છે કે નહીં?'' તો ખેડૂત બોલ્યો, ''અરે ભાઈ! આ તો રામપ્રહર છે. હજી તો ભગવાન સૂર્યનારાયણ આવી રહ્યાં છે. ત્યાં સુધી આ પંખીઓ થોડુંક ખાશે, એમને ભલે ખાવા દો, એમનોય તો હક્ક છે. પછીથી હું એમને ઉડાડીશ.'' આ ભારતીય વિચારસરણી. હવે વિચારીએ તો જણાશે કે ભારતનો અર્થ છે 'વિશ્વ-ભરણ-સમર્થ!' એટલે કે વિશ્વનું ભરણ-પોષણ કરવા તાકતવર બને, સમર્થ બને. આપણો દેશ તો સુજ્‌લામ, સુફ્‌લામ છે. શસ્યશ્યામલામ છે. જે આપણા સમગ્ર જીવનના આધારરૂપ વનસ્પતિ (ખેતી) સાથે આપણું અનુસંધાન સૂચવે છે. આ ભૂમિ અત્યંત ફળદ્રુપ (સુફ્લામ્) છે. શસ્યશ્યામલામ એટલે કાળી નહીં પણ એકદમ લીલીછમ. ઓછામાં ઓછા પાંચ હજાર વર્ષ જૂનો કૃષિનો અનુભવ તો આપણા દેશમાં છે. અમેરિકા, ચીન, પશ્ચિમ યુરોપ, ઑસ્ટ્રેલિયા અને બ્રાઝિલની સરખામણીમાં કૃષિયોગ્ય ભૂમિમાં ભારત દુનિયામાં સૌથી આગળ છે. ૨૩૦૦ વર્ષ પૂર્વે

કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં કૃષિનું ઘણું વર્ણન છે. ઋગ્વેદમાં તો કૃષિનું વર્ણન છે કે, ''अक्षौर्मा दिव्यः कृषि मित कृषस्य वित्ते रमस्य बहुमन्यमानः।'' એટલે કે ''જુગાર ન રમશો, ખેતી કરો. સન્માનપૂર્વક ધન સંપાદન કરો.'' આપણી કૃષિ પદ્ધતિ શ્રેષ્ઠ છે. આથી જ તેનું અનુકરણ ઑસ્ટ્રેલિયા (૧૬૬૨માં) અને ઈંગ્લેન્ડમાં (૧૭૩૦માં) થયું. સરોકર નામના એક અધિકારીના મતે તો 'સંપૂર્ણ વિશ્વમાં કૃષિ અંગે સર્વશ્રેષ્ઠ માત્ર ભારત જ છે.' ઉદયપુરની કૃષિ યુનિવર્સિટીમાં એક વાક્ય એવું છે. 'હળ દ્વારા ખેંચાયેલી રેખા એટલે માનવી ઈતિહાસમાં તેના જંગલીપણા અને સુસંસ્કૃતપણામાંની એક વિભાજક રેખા.'

વિશ્વમાં યુદ્ધો, અછત, ગરીબી, ભૂખમરો, કંગાલિયત, બિમારી, બેહાલીએ આજે માયા મૂકી છે. એમાં પણ કોવિડોત્તર સમયમાં વિશ્વની સૌથી વધુ વસ્તી ધરાવતા આ દેશોએ જે રીતે કોવિડ સામે જંગ છેડ્યો, વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આવશ્યક રેખાઓને પ્રથમ હરોળમાં મૂકી, સોશિયલ મિડિયા પર 'સ્ટેહોમ' નો સંદેશ વહેતો કર્યો. કર્તવ્ય, સંકલ્પ, વિશ્વાસ, પોષણ, કૃષિ ઉત્પાદન અને કોણ જાણે કયા ભવના પુણ્ય પ્રતાપે દેશવાસીઓને એક સાથે ચાલતા કર્યા અને વિશ્વની સૌથી વધુ વસતી ધરાવતા આ દેશને મહામારીમાંથી ઉગારી લીધી. આ મહામારીની ધૂંધવાતી ધૂણીમાં આખી દુનિયાની ઊંઘ ઊડી ગઈ હતી અને માનવજીવન બેહાલ બની ગયું હતું. ત્યારે હવે વિશ્વની દૃષ્ટિ ભારત ઉપર સ્થિર થઈ છે. અને ભારતે પ્રબોધેલા વિવિધ પોષક અનાજના સુંદર સુસંવાદી 'ભારત-રાગ' ને સમજવા અને અપનાવવા માટે મહેનત કરી રહ્યાં છે. ખાસ કરીને ભોજન માટે આખું વિશ્વ હવે જાગ્રત બન્યું છે. ત્યારે ભારતના પ્રયત્નોથી યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ માર્ચ-૨૦૨૧માં તેના ૭૫મા સત્રમાં ૨૦૨૩ને બાજરીનું આંતરરાષ્ટ્રીય વર્ષ ઘોષિત કર્યું હતું. (International Year of Millets). જેનો હેતુ વિશ્વના લોકોને અનાજ અને પોષક આહાર મળી રહે, ઉપરાંત બરછટ અનાજના ઉપયોગનું મહત્ત્વ, તેના શારીરિક ફાયદા વિષે લોકોની જાગૃતિ, મોટા અનાજનું ઉત્પાદન અને વપરાશ વધે, પોષક અનાજ મૂલ્યવર્ધક બને તે હતો. "Healthy Millets, Healthy People" નો 'થીમ' લઈને આવેલું ૨૦૨૩નું વર્ષ આપણા કૃષિપ્રધાન દેશના લગભગ ૬.૫ લાખ ગામડાંઓનાં લાખો ખેડૂતોની આંખોમાં એક ચમક લાવ્યું અને આ માટે આપણે વિશ્વના ૭૨ દેશોના સહકાર પ્રત્યે કૃતઘ્નતા દર્શાવીએ. વિશ્વ પણ જાણે છે કે જગતના જે વંચિતો છે એમના માટે ચાલતા 'પ્રોજેક્ટ હંગર'નો જવાબ આ શ્રીઅન્નમાં રહેલો છે.

''કરે રાષ્ટ્ર નિર્માણ બનાયે મિટ્ટીસે અબ સોના
શસ્યશ્યામલા સુજલા સુફલા ધરતી કે હમ બાસી
ફીર ક્યોં અપને મહાદેશ કી જનતા રહે ઉપાસી
અન્ન ધાનસે ભર દે અપને ઘર કા કોના કોના''

પણ આપણો દેશ તો वसुधैव कुटुम्बकम् ની ભાવનાને વરેલો દેશ છે. એટલે માત્ર આપણું ઘર (દેશ) જ નહીં પણ આપણા નામ (ભારત) પ્રમાણે આ ભૂમિ અખિલ વિશ્વનું ભરણપોષણ કરનારી બને તે જ ધ્યેય આપણો રહેલો છે.

કોવિડોત્તર સમયે અને ત્યારબાદ પણ લોકો જીવનશૈલી સંબંધિત બિમારીઓ જેવી કે ડાયાબિટીસ, સ્થૂળતા, હૃદયરોગ, બ્લડ પ્રેશર વગેરેનો સામનો કરી રહ્યા છે. ત્યારે

ગુણવત્તાયુક્ત આહારનો ઉપયોગ ખૂબ મહત્ત્વનો છે. આ સંજોગોમાં આપણે જવ, જુવાર, બાજરી, રાગી, કોદો જેવા ગુણવત્તાસભર વિવિધ બરછટ અનાજમાંથી આજે 'બાર્નયાર્ડ મિલેટ' - 'ઝંગોરા'ની વાત કરીએ.

બાર્નયાર્ડ મિલેટ જેને બીજા શબ્દોમાં ઝંગોરા, સાંવા, કુથીઅલી, ઉડાલુ, શ્યામા વગેરે નામથી પણ ઓળખવામાં આવે છે, તેનું વૈજ્ઞાનિક નામ Echinochloa esculenta છે. અને ઘાસ પ્રજાતિથી એને સંબંધ છે. ભારતમાં તેને સાંવા નામથી ઓળખવામાં આવે છે. જેનો ઉપયોગ ખાસ કરીને ઉપવાસના સમયે કરવામાં આવે છે. જેનો ઉપયોગ ખાસ કરીને ઉપવાસના સમયે કરવામાં આવે છે અને નવરાત્રિના તહેવાર દરમિયાન વ્રતને પૂરું કરવામાં આ ધાનનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં વિટામિન $B_1$, $B_2$, $B_3$ જેવા પોષકતત્ત્વો ભરપૂર માત્રામાં હોવાથી મધ્યપ્રદેશ અને છત્તીસગઢ જેવા રાજ્યોમાં તો પ્રસૂતિ પછી માતાઓને શારીરિક નબળાઈ સામે રક્ષણ માટે આ ધાન ખાસ ખવડાવવામાં આવે છે.

ભારતના પ્રાચીન ઈતિહાસમાં ઝંગોરા ધાનનો ઉલ્લેખ છે. એમ મનાય છે કે ૨૦૦૦ (BC) ઈ.સ. પૂર્વે જાપાનમાં આ અનાજને સૌથી પહેલાં ઉગાડવામાં આવ્યું હતું. જ્યારે ચીનમાં તેની ખેતી ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ હતી. કેટલાંક સંશોધકો માને છે કે મધ્ય એશિયાથી યુરોપ અને અમેરિકામાં ઝંગોરાનો ફેલાવો થયો. જાપાનમાં આ ધાનને જાપાનીઝ બાર્નયાર્ડ મિલેટ અથવા જાપાનીઝ મિલેટ પણ કહે છે. વિશ્વમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ચીન, જાપાન, મલેશિયા અને કોરિયામાં આની ખેતી થાય છે. જાપાનમાં તો એને ચોખા (ભાત)ની જેમ પણ બનાવવામાં આવે છે. ચીન અને જાપાનમાં જ્યારે ચોખાનો પાક નિષ્ફળ જાય છે ત્યારે તેની અવેજીમાં તેનું વાવેતર થાય છે. ભારતમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર અને બિહારમાં આની ખેતી કરવામાં આવે છે. દરિયાઈ સપાટીથી હિમાલયના ઢોળાવ પર ૨૦૦૦ મીટરની ઊંચાઈ સુધી પણ તેની ખેતી થઈ શકે છે. ઝંગોરા એ દુષ્કાળ પ્રતિરોધક અને હવામાનની પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવા માટે પણ સક્ષમ પાક છે. વરસાદ આધારિત પણ તેની ખેતી થઈ શકે. અને બિનફળદ્રુપ જમીન ઉપર ઋતુ સિવાય પણ તેની ખેતી થઈ શકે છે. કારણ કે તેને સિંચાઈ દ્વારા પાણીની જરૂર પડતી નથી. આ પાકનું ઉત્પાદન બેથી અઢી મહિનામાં થઈ જાય છે. પાક તૈયાર થતાં તેને ઝૂડીને તેમાંથી દાણા જુદા કાઢવામાં આવે છે. અને લીલા છોડને કાપીને ભૂસામાં ભેળવીને પશુઓને ખવડાવવાના કામમાં આવે છે. જ્યારે પાંજરામાં રહેલા પક્ષીઓ માટે પણ તે ખોરાક તરીકે ઉપયોગમાં લેવાય છે. જ્યારે આપણે તેના દાણા બાજરી સાથે ભેગા કરીને પણ ખાઈ શકીએ છીએ. આમ, જુદા જુદા દેશોમાં ખોરાક તરીકે અને પશુઓના ચારા તરીકે પણ આની ખેતી કરવામાં આવે છે.

સીલેટિયા રંગના તેના ચમકદાર બીજ પૌષ્ટિકતાથી ભરપૂર છે. તેમાં પ્રોટીન, વિટામિન $B_1$, $B_2$, $B_3$, ઉપયોગી ખનિજો, ડાયેટરી ફાઈબર, કેલ્શિયમ, ફોસ્ફરસ, ફોલિક ઍસિડ, કાર્બોહાઈડ્રેટ્સ, આયર્ન, ઝીન્ક વગેરે પોષકમૂલ્યોથી તે ભરપૂર છે. ગ્લુટેન ફ્રી હોવાથી

મધુપ્રેમહના દર્દીઓ માટે તથા હૃદયરોગના દર્દીઓ માટે તે વરદાન છે. ઝંગોરાનો વપરાશ શરીરમાં હિમોગ્લોબીનનું પ્રમાણ વધારે છે. તેમાં રહેલા આર્યનનો સારો સ્રોત શાકાહારીઓ માટે ઉત્તમ છે. તેનો વપરાશ આરોગ્ય અને વજન વ્યવસ્થા જાળવે છે. શરીરના નિર્માણ, વૃદ્ધિ, વિકાસ તથા રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તે ઉપયોગી છે. આમ છતાં ડૉક્ટરની સલાહ અનુસાર જ વ્યક્તિએ પોતાની શારીરિક પ્રકૃતિ અનુસાર જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

સ્વાદમાં મીઠી, એકદમ સફેદ નહીં અને સાબુદાણાથી પણ આકારમાં થોડા નાના દાણા ધરાવતા આ ધાનમાંથી હલવો, ખીર, ફ્લેટ બ્રેડ, પેનકેક, ઉપમા, ખીચડી, ડોસા, ઈડલી, પાસ્તા, પોરીજ વગેરે બનાવી શકાય છે. કેટલીકવાર તો ચોખાની અવેજીમાં તથા બીયર બનાવવા માટે પણ તેનો ઉપયોગ થાય છે.

આમ રાગી, જવ, જુવાર, કંગની, ચીના, બ્રાઉન ટોપ મિલેટ, કોદો - આ તમામ પોષક અનાજની જેમ જ ઝંગોરા ધાન પણ પોષણ સામર્થ્ય અદ્ભૂત છે. આ કહેવાતું 'ગરીબ' કે 'અનાથ' અનાજ ગુણવત્તાની દૃષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ છે. આથી જ સમયાંતરે વિશ્વભરમાં આજે લોકોની ભોજનની થાળીઓમાં આ પોષક અનાજે પોતાનું સ્થાન લઈ લીધું છે. અને વર્તમાનમાં તો ૧૩૦ કરતાં વધુ દેશોમાં તેનું ઉત્પાદન થાય છે અને એશિયા અને આફ્રિકાના અડધો લાખ લોકોનું તે પરંપરાગત ભોજન બની ગયું છે.

ચરક સંહિતામાં નિરોગી વ્યક્તિ વિશે જણાવ્યું છે કે જે વ્યક્તિના ત્રિદોષ - વાત, કફ, પિત્ત વગેરે જો સંતુલિત હોય અને મન પ્રસન્ન હોય તો તે નિરોગી કહેવાય. સુશ્રુત સંહિતામાં પણ નિરોગી વ્યક્તિ માટે શિરા, પેશી, ધમની, સ્નાયુ, અસ્થિનીની શુદ્ધતા પર ભાર મૂકવામાં આવ્યો છે. અને આ વિવિધ પોષક અનાજોમાં ત્રિદોષ નાશ કરવાના ગુણ સાથે બીજા પણ શારીરિક ફાયદા આપવાનો ગુણ છે. સામાન્ય રીતે અનાજમાં એવી શક્તિ હોય છે કે જો એક પ્રકારની સંતોષની માનસિકતા સાથે ખોરાક આરોગવામાં આવે તો એ મનુષ્યના જીવનમાં સંતોષ અને પ્રસન્નતા પ્રસરાવે છે.

આમ, આ નાના દાણામાંથી મળતા તંદુરસ્તીના ફાયદા નાના નથી. શ્રીઅન્નના નાના અદ્ભૂત દાણાના ઘણા મોટા ફાયદા છે. આથી જ કહેવાય છે કે 'મોટા અનાજના ફાયદા પણ મોટા.' 'મોટું અનાજ અપનાવો, તાકાત વધારો.' કવિ ધાધ તો એમ કહે છે કે,

''उठ के बाजरा, यूं हंसि बोलै
खाये बूढ़ा, जुवा हो जाय।''

''ચલો કરેં નિર્માણ દેશકા, ભારત સ્વર્ગ બનાયેં.
સુખી ઉજડી ધરતી પર હરિયાલે ખેત લગાયેં,
ઘરેં ઘરેં નદિયોં કા પાની, ધવાસે ધન ઉપજાયેં,
અપને શ્રમ સે હમ જગકે માનવ કી ભૂખ મિટાયેં
ધરતી કે કોને કોને હમ અમૃત ઉપજાયેં''

જો આમ થાય અને ભારત સાચા અર્થમાં 'વિશ્વ-ભરણ-સમર્થ!' એટલે કે વિશ્વનું ભરણપોષણ કરવા તાકતવર બને, સમર્થ બને તો વિશ્વના અન્ય દેશો સાથે મજબૂત સંબંધોનો નવો અધ્યાય લખાશે.

'ચલ ભારત, ઊઠ ભારત, સંગ હમકો ચલના હૈ
ધરતી કે હીરો કો ફિરસે અબ ચમકના હૈ.'

**Stay Healthy Stay Happy**

# મહાવરો મ્હેંકે

- ઈશ્વર વાઘેલા

એક શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ થતી. એક વખત નવી પ્રવૃત્તિ બંદૂક બાજીની હરિફાઈ રાખી. બંદૂક દ્વારા ગોળી છોડીને ફુગ્ગા ફોડવાના હતા. શિક્ષકે પ્રાર્થનામાં હરિફાઈ વિશે માહિતી આપી જાહેરાત કરી. જેને ભાગ લેવો હોય તે નામ નોંધાવે. છોકરાઓ મૂંઝાવા લાગ્યા. કદી બંદૂક વાપરી નથી પછી હરિફાઈમાં કેવી રીતે ભાગ લેવો? અશોક અને અશરફ બે મિત્રોએ કોઈ કોઈ વાર શહેરમાં જોવામાં જતાં ત્યાં આવી રમત પૈસા આપીને રમાડતા ત્યાં રમ્યા હતા. તેઓએ હરિફાઈમાં પોતાનું નામ નોંધાવ્યું. બીજા કોઈએ નામ ન નોંધાવતા શિક્ષકે પુનઃ સમજ આપી છતાં કોઈ તૈયાર ન થયું.

શિક્ષક વિચારવા લાગ્યા કે આમ કેમ થયું? તેમણે કેટલાંક વિદ્યાર્થીઓને પૂછ્યું. જવાબ મળ્યો કે, 'કોઈ દિવસ બંદૂક પકડી નથી પછી કેવી રીતે ભાગ લેવાય? દિવાળીના એક એ દિવસ ફટાકડાની ગોળીઓ ફોડેલા બંદૂક વાપરીએ છીએ પણ તેમાં નિશાન ક્યાં લેવાનું હોય છે. એ તો દેખાવે બંદૂક છે. ખરેખર તો ટીકડીઓ ફોડવાનું સાધન છે. ખાલી બંદૂક વાપરવાનો આનંદ જ મેળવીએ છીએ.

શિક્ષકને ખ્યાલ આવ્યો કે વિદ્યાર્થીઓ પ્રવૃત્તિમાં ભાગીદાર શાથી બનતા નથી? તેમણે વિદ્યાર્થીઓને તૈયાર કરવા મહાવરો આપવાનું વિચાર્યું. આચાર્યશ્રી સાથે વાત કરી એક વડીલ સાથે પરામર્શન કર્યું. વડીલે ચાર બંદૂક ફુગ્ગા ફોડે તેવી દાનમાં આપી. શિક્ષક પાસે બંદૂકો આવી એટલે ફુગ્ગા પણ ખરીદ્યા. પછી વિદ્યાર્થીઓને પ્રાર્થનામાં જણાવ્યું કે, જે વિદ્યાર્થીઓને બંદૂકબાજી શીખવી હોય તે શાળા છૂટ્યા બાદ એક કલાક રોકાય. સંખ્યા પ્રમાણે સમય આપવામાં આવશે.

પચાસ વિદ્યાર્થીઓ રોકાયા. બધાં પાસે ફુગ્ગા ફુલાવીને તૈયાર કર્યા. એક બંદૂકમાં પચ્ચીસ ગોળી રાખી શકાય તેમ હતી. બંદૂકોમાં ગોળીઓ રાખીને તૈયાર કરી. ચાર ટુકડીઓ પાડવામાં આવી. એક વિદ્યાર્થીને દસ મિનિટ ફુગ્ગા ફોડવાનો મહાવરો આપવાનો શરૂ કર્યો. વિદ્યાર્થી કેટલાં ફુગ્ગા ફોડી શકે છે તે પણ નોંધવામાં આવતું. તે માટે ચાર શિક્ષકો રાખ્યા હતા. પંદર દિવસ સતત મહાવરો આપવામાં આવ્યો. કેટલાંક વાલીઓ બંદૂક લાવી શકે તેમ હતાં તેવા વિદ્યાર્થીઓ ઘરે પણ મહાવરો મેળવતા હતા. અશોક અને અશરફ તો પહેલેથી જ સજાગ હતા. તેથી તેઓ પણ ઘરે પ્રયાસો કરતા હતા.

પંદર દિવસના મહાવરા બાદ શિક્ષકે બંદૂકબાજીની હરિફાઈ રાખી. જેને નામ આપ્યું 'બંદૂક ફુગ્ગા ફોડ રમત'. જાહેરાત થતાં ત્રીસેક વિદ્યાથીઓ હરિફાઈમાં જોડાયા. હરિફાઈના દિવસે જેનું નામ બોલાય તેણે આગળ આવી બંદૂકથી ફુગ્ગાં ફોડવાના હતા. જે વ્યવસ્થિત

(અનુસંધાન પૃષ્ઠ ૧૯ ઉપર)

# વિદ્યાક્ષેત્રના વૈષ્ણવજન

- ઈશ્વર પરમાર

નવમી માર્ચ, ૧૯૩૩. પૂના ખાતેની યરવડા જેલમાં નજરકેદ, ચોસઠ વર્ષના મહાત્મા ગાંધીજી અઢાર વર્ષના એક તરુણને આદરથી સંભારીને કહે : ''જુઓની પેલો નાનકડો લાલજી આવે છે તે શું ચોપડા વાંચીને બોલે છે? એનામાં એ પૂર્વ-સંસ્કાર છે. ખાવા-પીવાના અને લગ્નના પ્રતિબંધ ચાલ્યા જાય તો વર્ણવ્યવસ્થા કહો તો વર્ણવ્યવસ્થા અને જાતિવ્યવસ્થા કહો તો જાતિવ્યવસ્થા. એ ભારે ઉપયોગી વસ્તુ છે.'' આંબેડકર અંગે ચાલતી ચર્ચા દરમ્યાનમાં આમ અનાયાસ ગાંધીજીના હૈયેથી હોઠે જે લાલાજીનું નામ બોલાયું તે હતા - ગુજરાતથી દૂર પૂનામાં વસીને શિક્ષણ, સાહિત્ય અને સમાજના ક્ષેત્રે યાદગાર સેવાઓ આપી અનેકાનેક વિદ્યાર્થીઓ, સાહિત્યકારો અને જ્ઞાતિબંધુઓના પ્રેમાદરને પાત્ર થયેલા વિદ્યાક્ષેત્રના વૈષ્ણવજન સમાન શ્રી લાલજીભાઈ ગોહિલ.

સને ૧૯૧૫ની ૧૮ ડિસેમ્બરે કચ્છ-સિનોગ્રા ખાતે જન્મેલ લાલાજી ઘડિયાળની દુકાન ચલાવતા પિતા મૂળજીભાઈ પાસેથી ઘડિયાળની જેમ સદા કાર્યરત રહેવાનું અને માતા ગોમતીબહેનની જેમ ઘરમાં જ નહીં, સઘળે વાણીવ્યવહારમાં પણ કરકસરથી રહેવાનું શીખ્યો હતો. પિતાની લાંબી બીમારીએ પરિવારને પણ લાચાર કરવા માંડ્યો. વંદન છે હીરાપારખુ અમરસિંહ ગોવામલને કે જેમણે એ ગોહિલ પરિવારના રત્નની સંભવિત તેજ-છટા પારખી લીધી અને આર્થિક સહાય આપીને લાલાજીને ભૂજના વિદ્યાર્થી-ભવનમાં રહીને આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણવાની સુવિધા કરી આપી. (૧૯૨૬-૨૭)

આથી સુરક્ષિત એ કિશોર અભ્યાસમાં સદા પ્રથમ ક્રમ મેળવતો, એટલું જ નહીં, વકતૃત્વ અને વ્યાયામની પ્રવૃત્તિમાં પણ મોખરે રહેતો. આ સિવાય એ ઈતર વાચન પણ છ કલાક જેટલું કરે. વાચનમાં વાર્તાના સીમાડા પર કરી એનું ચિત્ત તો ધર્મ-તત્ત્વજ્ઞાનનાં પુસ્તકોમાં વિહાર કર્યા કરતું.

સોળ વર્ષની વયે (૧૯૩૦) આબરૂભેર મેટ્રિક પાસ થયેલ લાલજીને ઉચ્ચ શિક્ષણ માટે પૂનાની કૉલેજમાં અભ્યાસ કરવાની તક મળી. વિનયન (આર્ટ્સ) વિદ્યાશાખામાં ફિલસૂફીનો અભ્યાસ કરતા લાલજીભાઈ બી.એ.ની અંતિમ પરીક્ષા વખતે સખત બીમાર પડ્યા. મિત્રોએ એ સંજોગોમાં નાપાસ થવાની નામોશીથી બચવા માટે પરીક્ષા ન આપવાની સલાહ આપતાં કહ્યું : ''મિત્ર આ વખતે તો ડ્રોપ જ લઈ લો.''

ખાંસતાં ખાંસતાં લાલજીભાઈ કહે, ''મને સ્કોરલશિપવાળાને ડ્રોપ લેવો ન પોસાય.''

માંદગી છતાં મક્કમ મનથી તેઓ પરીક્ષાખંડમાં ગયા. ચાલુ પરીક્ષાએ બે વખત ઊલટી થઈ. માંડ પરીક્ષા આપી છતાં માન સાથે (વિથ આનર્સ) બી.એ. થયા. (૧૯૩૬)

સમગ્ર અભ્યાસકાળ દરમ્યાનના વિશાળ

વાચનને લીધે તેમણે વિચારવૈભવ તો એવો વિકસાવ્યો કે તેઓ ગાંધીજી સાથે પત્રવ્યવહાર કરવા સદભાગી થયા અને યરવડા જેલમાં મળવાનું પણ બની શકતું અને તેય હેત-આદાર સાથે!

બી.એ. થયા પછી પરિવારની આર્થિક ભીડ ભાંગવા માટે વકીલાતનો અભ્યાસ આદર્યો પરંતુ તે વ્યવસાયના અનિવાર્ય અનિષ્ટ અસત્યનો આધાર લેવાનું પણ બને. તે એમને ગળે ઊતર્યું નહીં. આથી એ વૈષ્ણવજન વકીલાતના મારગેથી પાછા ફર્યા. એમણે પૂના ગુજરાતી કેળવણી મંડળે શરૂ કરેલી વિદ્યાવાડીના માળી થવાનું પસંદ કર્યું : રતનબહેન ચુનીલાલ મહેતા હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક થવાનું સ્વીકાર્યું (૧૯૩૬). ચાલીસ રૂપિયા પગાર મળતો થયો જેમાંથી અડધી રકમ કચ્છ મુકામે માવતરને મોકલતા.

શિક્ષક તરીકે તેમની પસંદગી થવાનું એક કારણ તેમનું ફારસી ભાષાનું જ્ઞાન હતું. ઈન્ટરવ્યૂ વખતે આચાર્યે પૂછ્યું : ''તમે ફારસીના વર્ગો લઈ શકશો?'' લાલજીભાઈએ આત્મવિશ્વાસ સાથે હા પાડી. એમણે કેટલાંક વર્ષ ફારસી શીખવ્યું પણ ખરું. બાકી તેમના ખાસ વિષય તો ગુજરાતી, અંગ્રેજી અને ભૂગોળ. આ ઉપરાંત પદાર્થવિજ્ઞાન, જીવશાસ્ત્ર, માનવવંશશાસ્ત્ર, માનસશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ખગોળવિદ્યા, સમાજશાસ્ત્ર, જ્યોતિષ અને સંગીત અંગેની સૈદ્ધાંતિક જાણકારી પણ નવાઈ લાગે તેવી વિશદ હતી. પૂનાના વિદ્યાર્થીઆલમમાં તેઓ 'ગોહિલસર' તરીકે પંકાયા. મહારાષ્ટ્રમાં રહીને તેમણે ગુજરાતી ભાષા-સાહિત્યનું ગૌરવ જાળવ્યું અને વધાર્યું.

ગોહિલસરના તાસની વિદ્યાર્થીઓ કાગડોળે વાટ જોતાં. તેમના વર્ગપ્રવેશ સાથે ટાંચણી પડે તોય સંભળાય તેવી શાંતિ છવાઈ જતી. ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંના જે તે સર્જક પ્રત્યે અહોભાવ થાય તેવી અદાથી પરિચય આપતા. નવલકથામાંથી લેવાયેલ અંશ-પાઠનું અધ્યાપન આરંભતાં પહેલાં રસાળ ઢબે પૂર્વહકીકત કહેતા. એક કૃતિની બીજી કૃતિ સાથે સરખામણી કરીને પાઠ્યકૃતિનો રસાસ્વાદ સચોટ ઢબે કરાવતા. કોઈ કોઈ શ્રેષ્ઠ કૃતિઓની તો જાણે સપ્તહા થતી. તેનું શિક્ષણ અઠવાડિયા લગી કરાવતા. વર્ગમાંના તેમના ચિંતનસભર વિધાનોને વિદ્યાર્થીઓ સુવિચાર તરીકે ટપકાવી લેતા. અવશ્ય વાંચવા જેવાં પુસ્તકોનો પણ વર્ગમાં વિપુલ નિર્દેશ કરતા રહીને સ્વાધ્યાય માટે વિદ્યાર્થીઓને પ્રેરતા. તેમના દ્વારા તપાસાયેલી લેખનપોથીઓ લાલ રંગથી ભરાઈ જતી. વિદ્યાર્થીઓ માનતા કે જો ગુજરાતીમાં પચાસ માર્કસ્ ગોહિલસરના હાથે મળે તો બોર્ડ કે યુનિવર્સિટીમાં ડિસ્ટિંક્શન માર્કસ મળે તેવી પાકી વાત!

જરૂર પડ્યે તેઓ વર્ગની બહાર પણ સંગીન શિક્ષણ આપતા. એક વખત ભૂગોળના તાસમાં તારાઓનો ઉલ્લેખ આવ્યો. આ અંગે તેમણે કહેલી હકીકતો વિદ્યાથીઓને એવી તો અદભૂત લાગી કે તેમાંના એકે કહ્યું : ''સર, અમને ખરેખરું આકાશ દર્શન કરાવશો?'' આના જવાબમાં ફર્ગ્યુશન ટેકરી પર એમણે તારાઓની ઓળખનો રાત્રિ-કાર્યક્રમ યોજ્યો. ધરતી પર રહીને થયેલ આકાશી સફરથી વિદ્યાર્થીઓનો ભૂગોળ અને ભૂગોળશિક્ષક માટેનો પ્રેમ-આદાર વધી ગયો.

અંગ્રેજી ભાષા પરનું તેમનું પ્રભુત્વ નોંધપાત્ર

હતું. તેમનો વિદ્યાર્થી મોરાર ચૌહાણ પૂનાની એક કૉલેજમાં પ્રોફેસર થયેલો. તેની પિતા સાથે થતી અંગ્રેજી ગોટપીટ સાંભળીને નાનકડો પુત્ર કનુ તો દંગ થઈ જતો. એક દિ' તો એનાથી ભારે દંગ થઈ જવાયું. પેલા પ્રોફેસર સાહેબ ગોહિલસરને કહે : ''મારે તમારી પાસે અંગ્રેજી ગ્રામર શીખવું છે. તમને ક્યારે સમય છે?''

એસ.ટી.સી. (શિક્ષક તરીકેની લઘુ તાલીમ) થયેલા ગોહિલસરને શાળાના સુપરવાઈઝર તરીકે બઢતી અપાઈ (૧૯૫૪). અને તે પછી છ વર્ષે તેમને કન્યા વિભાગના આચાર્ય તરીકેની જવાબદારી સોંપાઈ. બારેક વર્ષ દરમ્યાન આ પદને ન્યાય આપવા તેમણે પોતાને અતિપ્રિય સાહિત્યપ્રવૃત્તિને પણ ગૌણ રહેવા દીધી. શિક્ષણ જ જાણે જીવનભર તેમનું આરાધ્ય બની રહ્યું. કેળવણી મંડળે હાઈસ્કૂલની સાથોસાથ કૉલેજના વર્ગો પણ શરૂ કર્યા ત્યારે પૂનાની સૌથી મોટી એ ગુજરાતી શિક્ષણ સંસ્થાની સમગ્ર જવાબદારી ગોહિલસરને સોંપવામાં આવી (૧૯૬૪) અને તે તેમણે સફળતાપૂર્વક અદા કરી બતાવી.

કુશળ પ્રશાસક ગોહિલસરે શિસ્તપાલન માટે દંડશક્તિનો ક્યારેય પ્રયોગ કર્યો નહીં. માથાભારે ગણાતો વિદ્યાર્થી પણ એમની મમતાભરી સમજાવટ પછી ઝૂકી જતો ને ક્ષમા યાચતો.

શાળામાં અભ્યાસ પૂરો કરીને જીવનમાં સ્થિર થયેલા વિદ્યાર્થીઓ પ્રૌઢ વયે પણ ગોહિલસરને સહકાર આપતા રહેતા. શાળા-પ્રવાસ શરૂ થાય તે અગાઉ ગોહિલસરને વિવિધ સ્થળે મુક્ત (ભૂતપૂર્વ) વિદ્યાર્થીઓને કાર્યક્રમ જણાવતા અને પછી જે તે સ્થળે પ્રવાસીઓનું થતું સ્વાગત અને મળતી સુવિધાઓ જોઈને વિદ્યાર્થીઓ જ નહીં, શિક્ષકો પણ સુખદ આશ્ચર્ય અનુભવતા.

આચાર્ય તરીકે ગોહિલસર પોતાના શિક્ષકોને ખૂબ કુનેહ અને પ્રેમથી સાચવતા. તેમના જ્ઞાન-ઉત્કર્ષના સંજોગો વધારતા. આર્થિક બાબતે મૂંઝાતા રહેતા એક શિક્ષકને તેમણે કહ્યું : ''તમે માત્ર મેટ્રિક પાસ છો છતાં ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ કરતાં પણ વધુ સચોટ શીખવો છો. કેવળ ક્વોલિફિકેશનના અભાવે તમારી કદર થઈ શકતી નથી, બઢતી આપી શકાતી નથી અને આમેય જુવાન છો તમે!''

બીજા જ દિવસે તે શિક્ષકે ઉચ્ચ અભ્યાસ શરૂ કર્યો. આગળ જતાં તે બી.એ., બી.એડ્. તો થયા. એમ.એ. પણ થયા અને પૂનાની એક જાણીતી હાઈસ્કૂલના આચાર્યપદે પણ પહોંચ્યા.

આવા અનેક આચાર્યોના આચાર્ય ગોહિલસરને પૂના ગુજરાતી બંધુ સમાજ તરફથી શ્રેષ્ઠ પરીક્ષા પરિણામો લાવતી શાળાના આચાર્ય તરીકેનું સન્માન અપાયું. પૂના જિલ્લાના આદર્શ શિક્ષક તરીકે તેઓ પુરસ્કૃત થયા (૧૯૭૪). ચાર દાયકાની યશોજ્જવલ શૈક્ષણિક સેવા પછી નિવૃત્તિના વર્ષે (૧૯૭૬) મહારાષ્ટ્ર રાજ્ય અને પૂના જિલ્લા પરિષદ તરફથી તેમને ગૌરવપદક, માનચિહ્ન અને પ્રશાસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યું. 'આપલ્યા સમર્થ અધ્યાપના મુળે વ માગદર્શના મુળે અસંખ્ય વિદ્યાર્થી જીવનાત યશસ્વી પદાર્પણ કેલે આહે.' શાળાએ આપી ભીની આંખે વિદાય!

આ તો દેખવાની વિદાય! વિદ્યાર્થીઓના

હૃદયમાં તો ગોહિલસરનું સ્થાન સદાય અકબંધ રહ્યું. વિદ્યાર્થી ખુદ વડીલ વયે પહોંચી ગયા હોવા છતાં તેમના મને ગોહિલસર તો વહાલા વડીલ! એમના ચરણસ્પર્શ માટે આવનાર પૂના ગ્રેઈન મરચન્ટ ઍસોસિયેશનના પ્રેસિડન્ટ ને બીજા અમદાવાદ ખાતેના એડિશનલ જજ ગોહલિસરના એક કાળના વિદ્યાર્થી ! તેઓ હાથ જોડીને કહે : ''સર, આપે આપેલ સંસ્કાર અને વિદ્યાને લીધે જ અમારી ઉન્નતિ થવા પામી છે. આપના અમે અત્યંત ઋણી છીએ.'' એમને માંડ ઓળખીને ગોહિલસરે હાથ ઊંચા કરીને આશિષ આપ્યા.

મુંબઈથી પૂના આવેલા એક પ્રૌઢ વિદ્યાર્થી ચંદુલાલ શાહે ગોહિલસર સાથે વાતો કરવા માંડી. તેમાં રામાયણનો ઉલ્લેખ આવ્યો. ચંદુલાલ કહે : ''સર, આજકાલ ટી.વી. પર રામાનંદ સાગરની રામાયણની સિરિયલ ખૂબ સુંદર આવે છે. જરૂર જોજો. મજા પડશે.''

''ભાઈ, મને ટી.વી. જોવાનો ક્યાં શોખ છે? મેં તો તે વસાવ્યો પણ નથી!''

- ને બીજે દિ' સરને ત્યાં ટી.વી.નો સેટ ગોઠવાઈ ગયો. તે ગોઠવનાર ચંદુલાલને એમણે વહાલથી કહ્યું, ''ભાઈ, પૂછ્યાગાછ્યા વિના આવો મોંઘો જુલમ કરાય?''

ભીની આંખે ને ગળગળા સાદે ચંદુલાલ કહે, ''સર, આપના આશિષથી મારા પર લક્ષ્મીજીની કૃપા છે. તમારા મારા પર ઘણા ઉપકાર છે. તમે તો મને વગર ફીએ ભણાવ્યો. સર, મારી આટલી ગુરુદક્ષિણા સ્વીકારવા મહેરબાની કરો.'' ગોહિલસર તેનો પ્રેમ પાછો ન ઠેલી શક્યા.

સુરેન્દ્રનગરના જયંતી વાઢેર તો પોતાના ગોહિલસરને અવારનવાર કિંમતી પુસ્તકો મોકલ્યા કરતા. પાંચેક હજારની કિંમતનાં પુસ્તકો મોકલી ચૂકેલા. એ વિદ્યાર્થીને વૃદ્ધ ગોહિલસરે લખ્યું : ''ભાઈ મારી આંખો હવે પહેલી જેવી કામ આપતી નથી. તારાં મોકલેલાં પુસ્તકો હવે હું વાંચી શકતો નથી. મહેરબાની કરીને હવે પુસ્તકો મોકલીશ નહીં.''

ગોહિલસરના એંસી વર્ષનાં માતાની આંખોના નિદાન-ઉપચાર માટે આવેલા શહેરના એક શ્રેષ્ઠ આઈ સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર વિઝિટ પર ઘેર આવેલા. પ્રિસ્ક્રિપ્શન લખતાં દાક્તર કહે, 'જરૂર પડ્યે અચકાયા વગર તેડાવજો.'' ફી વિશે પૂછતાં ડૉક્ટર ચિડાઈને કહે : ''ગુરુજી પાસેથી લેવાય? તો તો મારી વિદ્યા લાજે!''

પૂર્વેના વિદ્યાર્થીઓએ સદ્ભાવપૂર્વક અમરીશભાઈ રાઠોડની પ્રેરણાથી ગોહિલસર માટે ભંડોળ એકત્ર કર્યું. તે ભંડોળ પોતાના અંગત ઉપયોગ માટે સ્વીકારવાનો ઈન્કાર કર્યો. છેવટે એમ સમાધાન થયું કે તે ભંડોળનો ઉપયોગ સરના ચિંતન-સાહિત્યનું પ્રકાશન કરવા માટે કરવો. આમ પ્રૌઢ વિદ્યાથીઓએ ગુરુજીના ચિંતનને પુસ્તકરૂપે સુલભ કરી આપીને શ્રેષ્ઠ પુણ્યકાર્ય કર્યું. બીમાર રહેતા ગોહિલસર આ પ્રકાશનકાર્યથી ખૂબ પ્રસન્ન થયા હતા. તેમનો એક એક વિદ્યાર્થી તેમની જીવન-કિતાબના પૃષ્ઠ સમાન!

શિક્ષક ગોહિલસર, સાહિત્યરસિકોમાં 'ગોહિલસાહેબ' તરીકે જાણીતા થયા. આમ તો પોતાની શિક્ષણઆરાધનાના ભોગે તેઓ સાહિત્યઆરાધના કરવા ઉત્સુક રહ્યા ન હતા આમ છતાં કિશોર વયથી એમનામાં વસતો ઊર્મિશીલ અને બૌદ્ધિક સાહિત્યકાર વરસોથી સર્જન કર્યા કરતો હતો.

શિક્ષકનું સર્જન હોવું તે તો સોનામાં સુગંધ. પૂનાની ગુજરાતી સાહિત્યસભાના પહેલા મંત્રી તરીકે શ્રી લાલજીભાઈ ગોહિલની વરણી થઈ હતી. તેમની કવિતાઓ, ચિંતનિકાઓ અને સમીક્ષાઓ વિવિધ ગુજરાતી અને મરાઠી સામયિકોમાં પ્રકાશિત થતી રહી. ગુજરાત બહાર વસતા હોવા છતાં, ગુજરાતી સાહિત્યરસિકોમાં કવિ, નિબંધકાર અને સમીક્ષક તરીકે પ્રતિષ્ઠિત થયા હતા.

'જન્મભૂમિ-પ્રવાસી'નો ગાંધી-વિશેષાંક પ્રકાશિત થનાર હતો. ગાંધીજીની ચિરવિદાય પછી લાલજીભાઈની જાણ બહાર તેમનું એક પુસ્તક તેમાં મોકલી આપ્યું ને તે મોટા બ્લેક લેટરમાં છપાયું.

''પ્રેમ મહાસાગરને લાગ્યું ગાગર રૂપ ધરું.
ગાંધીજી અવતરતાં તેનું કેવું સ્વપ્ન ફળ્યું!
સતના અમૃત, અહિંસ પ્યાલો, ગાગર પૂર્ણ ભરી
કોઈ અભાગે પથ્થર મારી જગની મોજ હરી!''

શ્રી વજ્ર મ. ઓઝા દ્વારા સંપાદિત 'પદ્મ' નામના કાવ્યસંગ્રહમાં લાલજીભાઈનાં પાંચ કાવ્યોનો સમાવેશ થયો હતો. સરોજિની નાયડુનાં 'ફ્લ્યુટ પ્લેયર ઑફ બ્રિન્દાવન' કાવ્યનું તેમણે કરેલ ગુજરાતી પદ્યાનુવાદનું નૃત્ય રૂપાંતર અમદાવાદમાં રંગમંચ પર રજૂ થયું ત્યારે પ્રેક્ષકોએ તેને વધાવી લીધું હતું. 'કાવ્ય કાન્તા' નામનો કાવ્યસંગ્રહ તે તેમનું પ્રથમ પુસ્તક. સને ૧૯૫૦માં પ્રકાશિત આ પુસ્તકનું પ્રાસ્તાવિક સાક્ષર શ્રી અનંતરાય રાવળે સવિગત ને સહર્ષ લખીને સાહિત્યજગતમાં તેમનું સ્વાગત કરતાં લખ્યું : ''અંતરમાં સાચો સાહિત્યરસ ભર્યો હોય તો માણસની બાહ્ય ઉપાધિઓની પ્રતિકૂળતાને ગાંઠ્યા વિના તે કોઈ ને કોઈ રીતે બહાર વ્યક્ત થયા વિના રહેતો નથી.'' લાલજીભાઈની બાબતે તેમનો સાહિત્યરસ પુસ્તકરૂપે વ્યક્ત થતાં તે પછી ચાર દાયકા જેટલી વાર ભલે થઈ, પરંતુ છેવટે તેમ થવા પામ્યું તે ખૂબ સંતોષનંદ સાથે ધન્ય થવા જેવી ઘટના છે. જ્યારે તેમનું જીવનજોમ ઓસરી રહ્યું હતું તેવા તીવ્ર આઘાતના સંજોગોમાં તેમના ગુણાનુરાગી વિદ્યાર્થીઓએ હોલવાતા દીવામાં ઘી પૂરતા હોય તેમ 'ચિંતન-પુષ્પો અને પરિમલ' (૧૯૯૧)નું પ્રકાશન તૈયાર કરવામાં તેમને પ્રવૃત્ત કર્યા. આ પુસ્તકમાં વાચકને મિત્ર, માર્ગદર્શક અને ફિલસૂફ શા અનુભવાતા લાલજીભાઈ તેમના ત્રીજા પ્રકાશન 'વિજ્ઞાનની પાંખે અને ચિંતનની આંખે' (૧૯૯૩) દ્વારા પ્રખર બૌદ્ધિક સિદ્ધ થયા છે. તે પછીનું તેમનું પ્રકાશન 'ગિરા ગુર્જરી' (૧૯૯૪) એ પ્રતીતિ કરાવી આપે છે કે તેઓ સાહિત્ય અને ભાષાના કેટલા સમર્થ શિક્ષક હતા! તેમની સાહિત્યસમજ અને ભાષા-પ્રાવીણ્ય, અસીમ આદર જન્માવે તેવું સૂક્ષ્મ અને સંવેદનસભર હતું.

જીવનસાથી કાન્તાબહેને જીવનલીલા સંકેલી તેજ દિવસે (તા.૨૫-૫-'૯૧) તેમના પરમ સખા હીરજીભાઈ ચૌહાણે પણ વિદાય લીધી! જીવન-ધરીને ધ્રુજાવી દેતી આ ઘડીઓ વચ્ચે એમણે કલમ હાથ ધરી અને ચોપન પાનામાં પ્રિય મિત્ર ને સમાજરત્ન હીરજીભાઈના જીવનની મુલવણી કરી. આ રીતે તેમણે સ્મૃતિગ્રંથને ઐતિહાસિક મૂલ્ય બક્ષ્યું (૧૯૯૪).

બૃહદ્ જ્ઞાતિ પરિવારની મર્યાદામાં રહીને તેમણે બજાવેલી સમાજસેવા ખરેખર મૂલ્યવાન છે. પૂના મુકામેના વિદ્યાર્થીભવનનું સંચાલન પૂરી પા સદી (૧૯૪૫-૭૦) લગી કર્યું.

યુવકોનાં સંમેલનોમાં પ્રમુખપદે રહેલ લાલજીભાઈએ જ્ઞાતિસમાજની પત્રિકા 'નૂતન પ્રકાશ' અને પછી 'સમાજ સંદેશ'નું એક દાયકા સુધી (૧૯૭૭-૮૭) તંત્રીપદ સંભાળીને પત્રકારત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

શિક્ષણક્ષેત્રે પોતાના પગલે ચાલતા જણાતા તેજસ્વી અધ્યાપક તે પત્ર જયમુરારિના અકાળ અવસાન (૧૯૮૯) પછી તેઓ તન-મનથી ભાંગવા માંડ્યા હતા. પ્રિયજન કેશવજીભાઈ રાઠોડને કમજોર હાથે કાગળ લખ્યો : ''હવે ગમે ત્યારે મારા મૃત્યુના સમાચાર મળી શકે છે. મૃત્યુ મને મિત્ર સમાન લાગે છે. બહુ યાતનાપૂર્વક ન જાઉં એટલી જ પ્રભુને પ્રાર્થના કરું છું.'' રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદને ભક્તિભાવે વારંવાર સ્મરતા રહેલા લાલજીભાઈએ સને ૧૯૯૪ની ચોથી ફેબ્રુઆરીએ અંતિમ શ્વાસ લીધો.

આ પછી તેમના પુત્ર કનુભાઈ દ્વારા પરિવાર પર શ્રદ્ધાંજલિના રૂપે વરસેલી પત્ર અંજલિઓમાં સદ્‌ગતની સરળતા, સાદગી, નમ્રતા, મધુરતા, અનાસક્તિ, મૈત્રીભાવ, શુદ્ધ ચારિત્ર્ય અને શાંતિપ્રિયતા જેવા અનેક ગુણોને સંભારવામાં આવ્યા. આ બધા ગુણોના સંયોજનથી લાલજીભાઈનું જે વ્યક્તિત્વ ચિત્ત પર છવાઈ રહે છે તે કવિ નરસૈયાએ ગાયેલ વૈષ્ણવજન તરીકેનું જ! સમાજ, સાહિત્ય અને સવિશેષ વિદ્યાના આરાધક આ વૈષ્ણવજન લાલજીભાઈ ગોહિલને વંદન વારંવાર!

વૈષ્ણવજન તો તેને કહીએ,
જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તો યે,
મન અભિમાન ન આણે રે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)

નિશાન લે તેને આપેલા સમયમાં વધુ ફુગ્ગા ફોડી શકે. ભાગ લેનાર વિદ્યાર્થીઓને ક્રમિક તક આપવામાં આવી. પ્રેક્ષક, વિદ્યાર્થીઓ-શિક્ષકો સૌને પ્રોત્સાહન આપતા. ફુગ્ગા ફૂટેને તાલીઓ પડે. હરિફો પણ સજાગતા દાખવીને વધુ ફુગ્ગા ફોડવામાં ધ્યાન આપતા હતા. હરિફાઈ પૂર્ણ થઈ. બધાં હરીફો વચ્ચે બહુ લાંબો તફાવત નહોતો. પ્રથમ નંબરે ત્રણ વિદ્યાર્થીઓ, બીજા નંબરે પાંચ વિદ્યાર્થીઓ અને ત્રીજા નંબરે પણ પાંચ વિદ્યાર્થીઓ વિજેતા બન્યા. મહાવરાએ હરિફાઈમાં મ્હેંક પ્રસરાવી દીધી.

છેલ્લે આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને પ્રવચનમાં કહ્યું કે, આજે આપણે જે હરિફાઈ જોઈ તે આપણને શીખવાડે છે કે, 'મહાવરો કરો તો સફળતા મળે જ.' હરિફાઈમાં ફક્ત બે જ નામ આવ્યા હતા. તેથી જેને રસ હતો તેને મહાવરો આપવામાં આવ્યો અને તેના પરિણામે ત્રીસ વિદ્યાર્થીઓ હરિફાઈમાં ભાગીદાર બન્યા અને તેર વિદ્યાર્થીઓ વિજેતા થયા. મહાવરાને કારણે ધ્યાન કેન્દ્રીકરણ વધતાં, નિશાન યોગ્ય રીતે લઈ શકતા, સફળતા વરી. શિક્ષણમાં અને બીજી પ્રવૃત્તિઓમાં પણ વિશેષ મહાવરો કરતા રહે તેઓ જ સિદ્ધિ પ્રાપ્ત કરી શકશે. કહેવાયું છે કે, 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.' પરસેવે ન્હાય એટલે પરસેવા પડે - થાય તેવી મહેનત-મહાવરો કરે તેમજ સિદ્ધિ મળે. આ બોધ સહુ સ્વીકારીને જીવનમાં સફળતા મેળવતા રહે તેવી આશા સહ. શિક્ષકભાઈશ્રી રમેશભાઈને અન્ય સૌ હરિફોને અભિનંદન.

૧૦, વૃંદાવન બંગ્લોઝ, ધારાનગરી રોડ,
તા. જિ. આણંદ, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

# પહેલાના સમયનું ઉનાળું વેકેશન

- અશોક સોમપુરા

''ઉનાળું વેકેશન'' એ શબ્દ ખાસ કરીને બાળકો અને વિદ્યાર્થીઓમાં ખૂબ પ્રિય છે. આ સમયમાં તેમને ભણવાનું, શાળાએ જવાનું, ટ્યૂશન ક્લાસિસમાં જવાનું કે હોમવર્ક કરવાનું હોતું નથી. આ સમયમાં તેમને તો મામાના ઘરે રહેવા જવાનું કે પછી પ્રવાસે હરવા-ફરવા જવાનું વધારે મળે છે. આથી તેમને તો મજા જ મજા હોય છે. વળી, આ સમયમાં મા-બાપ અને વાલીઓને પણ પોતાના પાલ્યના ભણતર અંગેની વિવિધ કામગીરીમાં ભારે નિરાંત હોય છે.

પહેલાના સમયમાં ઉનાળાનું વેકેશન બાળકો કેવી રીતે પસાર કરતાં તેની થોડીક વાત અહીં કરવાનો પ્રયાસ કર્યો છે. જેમાં વાલીઓ-મામા-માસોળ અને કુટુંબની સામેલગીરીનો પણ ખ્યાલ આવશે.

વેકેશનના દિવસો દરમ્યાન બાળકોને સવારમાં વહેલા ઉઠાડવા પડતા ન હતા. તેઓ જાતે જ વહેલા ઊઠી ચા-નાસ્તો કરી પોતાને ગમતી જાતજાતની રમતો રમવા ઉપડી જતા. તેઓ સવાર-સાંજ અલગ અલગ હારજીતની રમતો રમી આનંદ માણતાં કોઠા, આંબલી, ગોરસ આંબલી, ગુંદા અને વળી સાંજ પડે ત્યારે બરફના ઠંડા શરબતવાળા ગોળા અને કુલ્ફી ખાઈ રાજી થતા.

વેકેશન દરમિયાન મામા-માસી કે કાકા-ફોઈના ઘેર રહેવા જવાની તૈયારી તેઓ ભારે ઉત્સાહપૂર્વક કરતા. ત્યાં જઈ ખૂબ રાજાશાહીથી રહેતા. ફળિયામાં કે વાસમાં આંટો મારવા જતાં ત્યાંના છોકરાઓની સાથે ભાઈબંધી કરતા. એકબીજાના ઘરે બેસી ટોળા-ટપ્પા મારતાં. ખરા ઉનાળામાં અને ભારે ગરમીમાં પણ ઘરની સ્ત્રીઓ મરચા ખાંડવા, અથાણાં બનાવવા, ઘઉં સાફ કરતા અને આવી તો અનેક ઘરઉપયોગી પ્રવૃત્તિઓ કરતી. ક્યારેક બાળકો આ પ્રવૃત્તિઓમાં નાની-મોટી મદદ કરતા. બપોરે છાશ, સાંજે દૂધ અને વળી નાના-મોટા નાસ્તા કરવામાં તેમને ભારે લ્હેર પડતી. દિવસ દરમિયાનની નાની-મોટી રમતો અને દોડાદોડીથી થાકી જઈને રાત્રે એકદમ ઠંડા વાતાવરણ અને પવનમાં અગાસીમાં સૂવા જતા. ત્યાં વળી A/C કે પંખા વળી કેવા? એની કલ્પનાય નહોતી. (એવા ટાઢકવાળા એ દિવસો હતા.) રાત્રે ચાંદનીની ઠંડક અને ટમટમતા તારા વચ્ચે અલક-મલકની વાતો-વાર્તાઓ અને ક્યારેક અંતાક્ષરી રમતાં રમતાં ક્યારે ઊંઘ આવી જતી તેની ખબરેય ન પડતી. ઉનાળામાં બાળકને મળતી સ્વતંત્રતા, વાણી સ્વાતંત્ર્ય અને જુદી જુદી રમતો વખતે જીતની મજા અને હાર વખતની ખેલદિલીના ગુણો તેનામાં આવતા જિંદગીની અમૂલ્ય આ ક્ષણો હંમેશા તેને યાદ રહેતી. લુચ્ચાઈ-કપટનીતિ કેવી હોય તેઓ તે જાણતા જ નથી. એ વખતની તેનું જીવન, તેની દુનિયા આનંદમાં તરબોળ હતી. કેમ કે તે વખતે બાળકો કંઈક આ રીતે પણ જીવતાં,

ગિલ્લીડંડાની રમત - પોશાકમાં ચડ્ડી બુશકોટ - સાદા ચપ્પલ કે સ્લીપર - પકડાયેલા પતંગની મજા - ભાડાની સાયકલ ફેરવવાની મજા ખુલ્લા પગે રખડવું - વરસાદમાં પલળવું માસ્તરની બીક - લેશન કરવાની ચિંતા વગેરે જેવી નાની-મોટી અનેક પ્રવૃત્તિઓ તેના જીવનમાં ઓતપ્રોત રહેતી. લગ્નપ્રસંગ કે બહાર ફરવા જવાનો તેનો ઉત્સાહ સૌને આનંદ આપતા. વેકેશન પૂરું થવામાં હોય ત્યારે નવા વર્ષની નાની-મોટી તૈયારી તે હરખભેર કરે છે. જૂના ચોપડા વેચવા કે બદલવા અને નવા પુસ્તકોની ખરીદી કરવી કે પછી અરધી કિંમતે ખરીદેલા ચોપડાથી તે ભારે ખુશ થાય છે. નવા ધોરણના તેના પાઠ્યપુસ્તકો ભલે જૂના હોય પરંતુ તેને તો તે નવી નજરે જ જુએ છે. એમાંય વળી પૂંઠા ચડાવી જ્યારે તે દરેક પુસ્તકમાં તેનું નામ લખે છે ત્યારે તેના રાજીપામાં વધારો થાય છે.

વેકેશન પૂરું થતાં શાળાઓ ખૂલે છે ત્યારે ભારે આશા, ઉમંગ અને શ્રદ્ધા સાથે શાળાએ જવા નીકળે છે. આવી સ્થિતિમાં તેના મનમાં અનેક સારા તરંગો અને વિચારો ઊભરી આવે છે. પ્રથમ દિવસનું શાળાનું વાતાવરણ રમણીય લાગે છે. આવા સમયે ઘણાયે બાળકોના કપાળે શુભ ચિહ્ન સ્વરૂપે તિલક લાગેલું પણ જોવા મળે છે. આ સમયે શાળાની ઘંટડી વાગે ત્યારે બાળકોના આનંદ અવાજથી શાળાનું સમગ્ર પરિસર રમણીય લાગે છે.

**આજના સમયના ઉનાળાના વેકેશનમાં :**

આજના સમયના ઉનાળાના વેકેશનનું આખું ચિત્ર જ બદલાઈ ગયું છે. આજે રમત-ગમત, હરવા-ફરવા જવાનું કે મામા-માસીને ત્યાં વેકેશન ગાળવાનું બહુ ઓછું બને છે. આજે તો વેકેશન પડતાં જ મા-બાપ બાળકને વિવિધ કોચિંગ ક્લાસ, સ્વિમીંગ, કરાટે કે પછી નવા વર્ષની તૈયારી માટેના ટ્યૂશનમાં ધકેલી દે છે. આમ કરવાથી બાળકનું બાળપણ છીનવાઈ જાય છે. વિવિધ પ્રકારની પ્રવૃત્તિમાં પીસાતું બાળક સાવ થાકીને લોથ-પોથ થઈ જાય છે. તેની મૌલિકતા, જુદી ઘટનાઓ માટે વાતની રજૂઆત કરવાની આવડત અને મોજીલો આનંદ છીનવાઈ જાય છે. અમુક જ ઘરેડમાં ઘડતર પામેલું બાળક કોઈ સારા કે કોઈ ખરાબ બીબામાં જકડાઈ જાય છે. એ સ્થિતિ પ્રમાણેની તેની માનસિકતા અને નાગરિકતા ઘડાય છે. આજે થોડી સંતોષની વાત એ જોવા મળે છે કે બાળકોને લઈ મા-બાપ હવે સારા-સારા સ્થળે ફરવા લઈ જાય છે. આથી તેને નવું નવું જાણવાની તક મળે છે. મા-બાપ સાથે હોવાથી તે ખૂબ મજાથી હરીફરી શકે છે.

આવો, આપણે બાળકોના હામી બનીએ અને તેમના આનંદમાં સહભાગી બનીએ.

❀ ❀ ❀

દરેક મહાન સિદ્ધિ સંકલ્પના બીજથી શરૂ થાય છે, સંસાધનોની વિપુલતાથી નહીં.

❀

પડકાર સ્વીકારો, કારણ કે તે નવીનતા અને સર્જનાત્મકને પ્રોત્સાહન આપે છે.

❀

યાદ રાખો, સફળ થવાની શક્તિ તમારી અંદર રહેલી છે, તમારી આસપાસના સંસાધનોમાં નહીં. આગળ વધતા રહો...

કારણ કે મહાનતાની કોઈ સીમા નથી.

❀ ❀ ❀

**- Dr. Bhanji Somaiya**

# દક્ષિણગંગા ગોદાવરી

**- કાકા કાલેલકર**

આપણે સૌ દેશની નદીઓની પરિસ્થિતિથી ચિંતિત છીએ. દેશની તમામ નાની-મોટી નદીઓને કિનારે શહેરીકરણ થયું છે. શહેરની ગંદકી નદીઓમાં ઠલવાય છે. ડેમને કારણે પર્યાવરણનું સંતુલન પણ ખોરવાયું છે ત્યારે અમને કાકાસાહેબ કાલેલકરના નદી ઉપરના નિબંધો યાદ આવ્યા. ''જીવનલીલા'' માં કાકાસાહેબે ભારતની નદીઓનો પરિચય જુદા જ દષ્ટિકોણથી કરાવ્યો છે. અમે આ નિબંધો ક્રમશઃ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે જે ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

**- તંત્રી**

બાળપણમાં સવારે ઊઠીને અમે ભૂપાળીઓ ગાતા તેમાંની આ ચાર લીટીઓ હજી સ્મરણમાં ચોંટેલી છે.

उठोनियां प्रातः काळी। वदनीं वदा चंद्रमौळी।
श्री बिंदुमाधवाजवळी। स्नान करा गंगेचें।
स्नान करा गोदेचें॥

*

कृष्णा वेण्या तुंगभद्रा। शरयू कालिंदी नर्मदा।
भीमा भामा गोदा। करा स्नान गंगेचें॥

ગંગા અને ગોદા એક જ છે. બંનેનાં માહાત્મ્યમાં જરાયે ફેર નથી. ફેર હોય તો એટલો જ કે કળિકાળના પાપને લીધે ગંગાનું માહાત્મ્ય અમુક કાળે ઓછું થઈ શકે છે. ગોદાવરીનું કોઈ કાળે ઓછું થાય જ નહીં. શ્રીરામચંદ્રના અત્યંત સુખના દિવસો આ ગોદાવરીને કાંઠે જ ગયેલા અને જીવનનો દારુણ આઘાત પણ તેમને અહીં જ પહોંચેલો. ગોદાવરી તો દક્ષિણની ગંગા.

કૃષ્ણા અને ગોદાવરી એ બે નદીઓએ બે વિક્રમશાળી મહાપ્રજાઓને પોષી છે. મહારાષ્ટ્રનું સ્વરાજ અને આંધ્રનું સામ્રાજ્ય આ બે નદીઓને જ આભારી છે એમ કહીએ તો તેમાં જરાયે અતિશયોક્તિ નથી. સામ્રાજ્યો બંધાયાં અને તૂટ્યાં, મહાપ્રજાઓ ચડી અને પડી, પણ એ ઐતિહાસિક ભૂમિમાં આ બે નદીઓ અખંડ વહ્યે જ જાય છે. એ નદીઓ ભૂતકાળના ગૌરવશાળી ઈતિહાસની જેટલી સાક્ષી છે તેટલી જ ભવિષ્યકાળની મહાન આશાઓની પ્રેરક છે. તેમાંયે ગોદાવરીનું માહાત્મ્ય કાંઈક અનેરું છે. એ જેટલી સલિલ-સમૃદ્ધ છે તેટલી જ ઈતિહાસમૃદ્ધ પણ છે. ગોપાલકૃષ્ણના જીવનમાં જેમ જ્યાં જુઓ ત્યાં વિવિધતા જ ભરેલી છે અને એકસરખો ઉત્કૃષ જ દેખા દે છે, તેમ ગોદાવરીના આ અતિ દીર્ઘ પ્રવાહને કાંઠે સૃષ્ટિસૌંદર્યની વિવિધતા અને વિપુલતા ભરેલાં છે. બ્રહ્મદેવની એક કલ્પનામાં જેમ સૃષ્ટિનો વિસ્તાર થાય છે, વાલ્મીકિની એક કારુણ્યની લાગણીમાં જેમ રામાયણી સૃષ્ટિ વિસ્તરેલી છે, તેમ જ ત્ર્યંબકના પહાડની ભેખડમાંથી ટપકતી ગોદાવરીમાંથી જ આગળ જઈ રાજમેહન્દ્રીનો વિશાળ વારિરાશિ વિસ્તર્યો છે. સિંધુ અને બ્રહ્મપુત્રાને જેમ હિમાલયને આલિંગન દેવાનું

સૂઝ્યું, નર્મદા અને તાપીને જેમ વિંધ્ય-સાતપૂડાને પિગળાવવાનું સૂઝ્યું, તેમ ગોદાવરી અને કૃષ્ણાને દક્ષિણનો ઉન્નત પ્રદેશ પલાળીને ધનધાન્યથી સમૃદ્ધ કરવાનું સૂઝ્યું છે. પક્ષપાતથી સહ્યાદ્રિ પશ્ચિમ તરફ ઢળ્યો એ જાણે ન ગમવાથી એને પૂર્વ તરફ ખેંચવાનો અખંડ પ્રયત્ન આ બે નદીઓ કરતી હોય એવું જ લાગે છે. આ બંને નદીના ઉગમ પશ્ચિમ સમુદ્રથી પચાસ-પંચોતેર માઈલથી દૂર નથી, છતાં બંને આઠસો-નવસો માઈલની મુસાફરી કરી પોતાનો જલભાર અથવા, કરભાર પૂર્વ સમુદ્રને જ અર્પણ કરે છે. અને એ કરભારનો વિસ્તાર કંઈ નાનોસૂનો નથી. તેમાં આખો મહારાષ્ટ્ર દેશ આવી જાય છે. હૈદારાબાદ અને મૈસૂરનાં રાજ્યોનો અંતર્ભાવ થાય છે અને આંધ્રપ્રદેશ તો આખો ને આખો સમાઈ જાય છે. મિશ્ર સંસ્કૃતિની માતા નાઈલ નદી ગોદાવરી આગળ કશી વિસાતમાં નથી.

ત્ર્યંબક આગળ પહાડની એક મોટી દીવાલમાંથી ગોદાનો ઊગમ છે. ગિરનારની ઊંચી દીવાલ પરથી પણ ત્ર્યંબકની દીવાલનો પૂરતો ખ્યાલ નહીં આવે. ત્ર્યંબક ગામથી જે ચડણ શરૂ થાય છે તે ગોદામૈયાની મૂર્તિના ચરણ સુધી ચાલુ જ રહે છે. એથીયે ઉપર જવા માટે ડાબી બાજુએ વિકટ પગથિયાં કરેલાં છે અને એ રીતે માણસ બ્રહ્મગિરિ પહોંચી શકે છે એ ખરું પણ એ દુનિયા જુદી છે. ગોદાવરીના ઊગમથી જે દૃશ્ય દેખાય છે તે જ આપણા વાતાવરણને માટે વિશેષ અનુકૂલ છે. મહારાષ્ટ્રના તપસ્વીઓ અને રાજવીઓએ સરખી રીતે આ સ્થાને પોતાની ભક્તિ રેડી છે. કૃષ્ણાકાંઠે વાઈ સાતારા અને ગોદાકાંઠે નાશક પૈઠણ એ મહારાષ્ટ્રની ખરી રાજધાનીઓ છે.

પણ ગોદાવરીનો ઇતિહાસ તો સહનવીર રામચંદ્ર અને દુઃખમૂર્તિ સીતા માતાના વૃત્તાંતથી જ શરૂ થાય છે. રાજપાટ છોડતાં રામને દુઃખ થયું નહીં, પણ ગોદાવરી-તીરે સીતા અને લક્ષ્મણ સાથે માણેલા આનંદનો અંત આવતાં રામનું હૃદય એકદમ શતધા વિદીર્ણ થયું. વાઘ-વરુને અભાવે નિર્ભય થયેલાં હરણાં આર્ય રામભદ્રની દુઃખોન્મત્ત આંખો જોઈને દૂર ભાગી ગયાં હશે, સીતાની શોધમાં નીકળેલા દિયર લક્ષ્મણની ત્રાડો સાંભળીને મોટા મોટા હાથીઓ પણ ભયકંપિત થયા હશે અને પશુપક્ષીનાં દઃખાશ્રુથી ગોદાવરીનાં વિમલ જલ પણ કષાય થઈ ગયાં હશે. હિમાલયમાં જેમ પાર્વતી તેમ જનસ્થાનમાં સીતા અશેષ વિશ્વની અધિષ્ઠાત્રી હતી. એના ગયા પછીનું કલ્પાંતિક દુઃખ જો સાર્વભૌમ થયું હોય તો એમાં આશ્ચર્ય શું?

રામસીતાનો તો ફરી સંયોગ થઈ ગયો, પણ જનસ્થાનનો વિયોગ તો કાયમ જ રહ્યો. આજે પણ નાશક-પંચવટીમાં ફરી જુઓ, ચોમાસામાં જાઓ કે ઉનાળામાં, આખી પંચવટી જાણે જટાયુની પેઠે 'સીતા સીતા'ની ઉદાસ વાણી બોલતા હોય એમ જ લાગે છે. મહારાષ્ટ્રના સાધુસંતોએ જો પોતાની મંગલ વાણી અહીં ફેલાવી ન હોત તો જનસ્થાન જાણે ભયાનક વેરાન મુલક થઈ ગયો હોત. ઉનાળાનો તાપ ઢાંકવા જેમ તૃણસૃષ્ટિ ચારેકોર ફેલાય છે, તેમ સાધુસંતો જીવનની વિષમતા ભુલાવવા સર્વત્ર વિચરે છે એ કેટલું ભાગ્ય છે ! જ્યારે જ્યારે નાશિક-ત્ર્યંબક તરફ જવાનું થાય છે ત્યારે ત્યારે વનવાસને માટે આ સ્થાન પસંદ કરનાર રામલક્ષ્મણની આંખે આખો પ્રદેશ નિહાળવાનું

મન થાય છે; પણ દર વખતે ધ્રૂજતાં તરણાંમાંથી સીતામાતાની કાતર તનુયષ્ટિ જ નજરે પડે છે.

રામભક્ત સમર્થ રામદાસ જ્યારે અહીં રહેતા ત્યારે એમના હૃદયમાં કેવી ઊર્મિઓ આવતી હશે! શ્રીસમર્થે ગોદાવરીને કાંઠે છાણનો હનુમાન સ્થાપ્યો છે એ શા હેતુથી? પંચવટીમાં હનુમાન હોત તો તે સીતાનું હરણ બિલકુલ થવા ન દેત એમ કહેવા માટે? સીતામાતાએ કઠોર વચનથી લક્ષ્મણને ઘા કરી મહાસંકટ વહોરી લીધું. હનુમાનને તો એવું શું કહી ન શકત! પણ જનસ્થાન અને કિષ્કિંધા વચ્ચે અંતર ઘણું છે, અને ગોદાવરી કંઈ તુંગભદ્રા નથી.

૨

રામકથાનો કરુણરસ દ્વાપરયુગથી આજ સુધી વહેતો જ આવ્યો છે. એને કોણ ખુટાડી શકે? એટલે આપણે અંત્યજ જાતિના ગણાતા પાડા પાસે વેદ બોલાવનાર શ્રીજ્ઞાનેશ્વર મહારાજની મુલાકાતે પૈઠણ જઈશું. ગોદાવરી જેમ દક્ષિણગંગા, તેમ એને કાંઠે આવેલી પ્રતિષ્ઠાન નગરી દક્ષિણની કાશી ગણાતી. અહીંના દશગ્રંથી બ્રાહ્મણો જે વ્યવસ્થા આપે તે ચારે વર્ણને માન્ય કરવી પડતી. મોટા મોટા સમ્રાટોએ આપેલા તામ્રપત્રો કરતાં પણ અહીંના બ્રાહ્મણોનાં આપેલાં વ્યવસ્થાપત્રો વધારે મહત્ત્વનાં ગણાતાં. અહીં શાસ્ત્રધર્મ સામે હૃદયધર્મનો વિજય બતાવવો એ તો જ્ઞાનરાજ જ કરી શકે. પૈઠણમાં જ્ઞાનેશ્વરને જનોઈ ન મળી. સંન્યાસી શંકરાચાર્યની થયેલી પજવણીનું સ્મારક ટકાવવા જેમ ત્યાંના રાજાએ નાંબુદ્રી બ્રાહ્મણો પર કેટલાક રિવાજો ઠોકી બેસાડ્યા, તેમ સંન્યાસીપુત્ર જ્ઞાનેશ્વરનો કોઈ શિષ્ય રાજપાટનો અધિકારી હોત તો એણે મહારાષ્ટ્રી બ્રાહ્મણોને સજા કરી હોત કે જ્ઞાનેશ્વરને ના પાડનારા તમે તમારાથી હવે જનોઈ પહેરાય જ નહીં.

હાથની આંગળીઓનો જેમ પંખો થાય છે તેમ મોટી મોટી નદીઓને આવી મળતી અને આત્મવિલોપનનો કઠણ યોગ બતાવતી નાની નદીઓનો પણ પંખો બને છે. સહ્યાદ્રિ અને અજંટાના ડુંગરોમાંથી બનતા ખૂણામાં જેટલું પાણી પડે તે બધું ખેંચી ખેંચીને વહી જવાનું કામ આ નદીઓ કરે છે. ધારણા અને કાદવા, પ્રવરા અને મુળાને છોડી દઈએ તોયે મધ્યભારતમાંથી દૂર દૂરનું પાણી આણતી વર્ધા અને વૈનગંગાને કેમ ભૂલી જવાય? બે મળીને એક થયેલી નદીને જેણે પ્રાણહિતા નામ આપ્યું તેના મનમાં કેટલી કૃતજ્ઞતા હશે, કેટલું કાવ્ય હશે, કેટલો આનંદ હશે! અને છેક ઈશાન ખૂણેથી પૂર્વઘાટનાં નીર આણી આપનાર અષ્ટવક્રા ઈંદ્રાવતી અને એની સખી શ્રમણી તપસ્વિની શબરીને પ્રણામ કર્યા વગર કેમ ચાલે?

ગોદાવરીની સંપૂર્ણ કળા તો ભદ્રાચલમથી જોઈ શકાય છે. જેનો પટ એકથી બે માઈલ જેટલો પહોળો તે ગોદાવરી ઊંચા ઊંચા પહાડ વચ્ચે થઈને પોતાનો રસ્તો કાઢતી કેવળ બસો વારની ખીણમાંથી જ્યારે નીકળતી હશે ત્યારે એને શું થતું હશે? પોતાની સંપૂર્ણ શક્તિ અને યુક્તિ વાપરીને બારીક સમયમાંથી પોતાની મહાજાતિને આગળ લઈ જનાર કોઈ રાષ્ટ્રપુરુષની પેઠે, અને જગતને વિસ્મિત કરે એવી ગર્જનાથી તે અહીંથી પસાર થાય છે. ઘોડાપૂર ને હાથીપૂરની વાતો આપણે સાંભળીએ છીએ, પણ એકાએક પચાસ

ફૂટ જેટલું ઊંચું પૂર કલ્પનામાં પણ આવી શકે ખરું? પણ જે કલ્પનામાં શક્ય નથી તે ગોદાવરીના પ્રવાહમાં શક્ય છે. સાંકડી ખીણમાંથી પસાર થતાં પાણીને પોતાનો પૃષ્ઠભાગ પણ સપાટ રાખવો અશક્ય થઈ જાય છે. અર્ઘ્ય આપતાં અંજલિનું જેમ નાળચું બને છે તેમ ખીણમાંથી નીકળતાં પાણીના પૃષ્ઠભાગનું પણ ભયાનક નાળચું બને છે. પણ અદભૂત રસ તો એથીય આગળ અને વધારે છે. એ નાળચામાંથી પોતાનું હોડકું લઈ જનાર હિંમતવાન નાવિકો પણ ત્યાં પડ્યા છે! હોડીની બે બાજુ પાણીની ઊંચી ઊંચી દિવાલો હોડીના વેગથી જ દોડતી જોતાં માણસના હૈયામાં શું થતું હશે?

ભદ્રામચલમથી રાજમહેન્દ્રી અથવા ધવલેશ્વર સુધી અખંડ ગોદાવરી વહે છે. ત્યાર પછી त्यागाय संभृतोर्थानाम्નો સનાતન સિદ્ધાંત એને યાદ આવ્યો હશે. અહીંથી ગોદાવરીએ જીવનવિતરણ શરૂ કર્યું છે. એક છેડે ગૌતમી ગોદાવરી, બીજે છેડે વસિષ્ઠ ગોદાવરી. વચમાં કેટલાયે દ્વીપો અને અંતર્વેદી જેવા પ્રદેશો છે, અને એ પ્રદેશોમાં ગોદાના સરસ જલથી અને કાંપથી ઊગતા સોના જેવા શાલિધાન્ય પર પરિપુષ્ટ થઈ વેદઘોષ કરનાર બ્રાહ્મણો રહેતા આવ્યા છે. આવા સમૃદ્ધ દેશને સ્વતંત્ર રાખવાની શક્તિ આપણા લોકો જ્યારે ખોઈ બેઠા ત્યારે ડચ, અંગ્રેજ અને ફ્રેંચ લોકો પણ ગોદાવરીને કિનારે ધામા નાખવા ભેગા થયા. આજે પણ (સદ્‌ભાગ્યે આ પરિસ્થિતિ હવે નથી.) યાનાન આગળ ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ફરકે છે!

૩

મદ્રાસથી રાજમહેન્દ્રી જતાં બેઝવાડા આગળ સૂર્યોદય થયો. ચોમાસાના દિવસો, એટલે પૂછવું જ શું? જ્યાં જુઓ ત્યાં વિવિધ છટાવાળો લીલો રંગ પથરાયો હતો. અને જાણે લીલો રંગ આમ જમીન પર પડ્યો રહે એ અસહ્ય થવાથી એના મોટા મોટા ગુચ્છ હાથમાં લઈને ઉપર ઉછાળનાર તાડનાં ઝાડ જ્યાં ત્યાં દેખાતાં હતાં. પૂર્વ તરફ એક નહેર રેલવેને કાંઠે કાંઠે વહેતી હતી. પણ ઊંચા કાંઠાને લીધે એનાં પાણી કોક વાર જ દેખાતાં. કેવળ પતંગિયાની પેઠે પોતાના સઢ ફેલાવી હારમાં ઊભેલાં હોડકાં ઉપરથી જ એ નહેરની હસ્તી ધ્યાનમાં આવતી હતી. વચ્ચે વચ્ચે પાણીનાં નાનાંમોટાં તળાવો આવતાં હતાં. તળાવોમાં વિવિધરંગી વાદળાંવાળું આકાશ નાહવા ઊતરેલું હોવાથી પાણીનું ઊંડાણ અનંતગણું ઊંડું લાગતું હતું. કોક કોક ઠેકાણે ચંચળ કમળો વચ્ચે નિસ્તબ્ધ બગલાંઓ જોઈ પ્રભાતવાયુનું અભિનંદન કરવાનું મન થતું. આવા કાવ્યપ્રવાહમાંથી પસાર થતાં કોવ્વૂર સ્ટેશન સુધી આવ્યા. અહીંથી જ હવે ગોદાવરી માતાનાં દર્શન થશે એવી ઉત્સુકતા ઊઘડી હતી. પુલ પર થઈને પસાર થઈશું ત્યારે જમણી બાજુ જોઈશું કે ડાબી એની ગડમથલ ચાલતી હતી. એટલામાં પુલ આવ્યો જ, અને ભગવતી ગોદાવરીનો સુવિશાળ વિસ્તાર નજરે પડ્યો.

ગંગા, સિંધુ, શોણભદ્ર, ઐરાવતી જેવા વિશાળ પ્રવાહોમાં મેં ધરાઈને જોયા છે. બેઝવાડામાં થયેલાં કૃષ્ણામાતાનાં દર્શન માટે હું હંમેશનો મગરૂર છું. પણ રાજમહેન્દ્રી આગળની ગોદાવરીની શોભા કંઈક અનેરી જ હતી. એ સ્થાને મેં જેટલું ભવ્ય કાવ્ય અનુભવ્યું તેટલું ભાગ્યે જ બીજે કોઈ ઠેકાણે વહેતું જોયું હશે. પશ્ચિમ તરફ નજર ફેંકી તો દૂર દૂર ટેકરીઓનું

એક સુંદર ધણ બેઠું હતું. આકાશમાં વાદળાં ઘેરાયેલાં હોવાને લીધે કોઈ પણ ઠેકાણે તડકો ન હતો. ઘેરાં વાદળાંને લીધે ગોદાવરીનાં ધૂલિ-ધૂસર જળની ઘેરાશ વધી જ હતી. પછી ભવભૂતિનું સ્મરણ કેમ ન થાય? ઉપરની અને નીચલી આ કાળાશને લીધે આખા દૃશ્ય પર વૈદિક પ્રભાતની સૌમ્ય સુંદરતા પથરાઈ હતી, અને ટેકરી પર અવતરેલાં કેટલાંક ધોળાં ધોળાં વાદળાં તો સાવ ઋષિ જેવાં જ લાગતાં હતાં. આ આખા દૃશ્યનું વર્ણન કેમ થઈ શકે?

એટલાં બધાં પાણી ક્યાંથી આવતાં હશે? સંકટમાંથી વિજય સાથે પસાર થયેલું રાષ્ટ્ર જેમ વૈભવની નવી નવી છટાઓ બતાવતું જાય છે અને ચારે કોર સમૃદ્ધિ ફેલાવતું જાય છે, તેમ જ ગોદાવરીનો પ્રવાહ પહાડમાંથી નીકળી પોતાના ગૌરવ સાથે આવતો દેખાતો હતો. નાનાં મોટાં જહાજ એ તો નદીનાં બાળકો. માતાનો સ્વભાવ ઓળખે એટલે એના ખોળામાં ગમે તેમ નાચે તો એને કોણ રોકનાર હતું? પણ બાળકની ઉપમા તો આ હોડીઓ કરતાં પ્રવાહમાં જ્યાં ત્યાં જામતાં વમળોને આપવી જોઈએ. ઘડીકમાં દખાય, મોટું તોફાન કરવાનો ડોળ કરે, અને બેક ક્ષણમાં હસી પડે અને ફસકી જાય. ગમે ત્યાંથી આવે અને ગમે ત્યાં જાય અથવા અલોપ થાય.

આવા મોટા વિશાળ પટમાં જો બેટો ન હોય તો એટલી ઊણપ જ ગણાય. ગોદાવરીના બેટો પ્રખ્યાત છે. કેટલાક તો જૂના ધર્મની પેઠે સ્થિર રૂપ પકડીને બેઠા છે. પણ ઘણાખરા કવિની પ્રતિભાની પેઠે દર વખતે નવું નવું સ્થાન લે છે અને નવું નવું રૂપ ધારણ કરે છે. એના પર અનાસક્ત બગલાં સિવાય બીજું કોણ ઊભવા જાય? અને બગલાં ચાલે ત્યારે તો પોતાનાં પદચિહ્ન ઊંડાં ઉતાર્યા વગર કેમ છોડે? પોતાના ધવલ ચરિત્રનું અનુસરણ કરવાને દિશાસૂચન કરાવી ન આપે તો એ બગલો શાનો?

નદીનો કાંઠો એટલે માનવી કૃતજ્ઞતાનો અખંડ ઉત્સવ. ધોળા ધોળા પ્રાસાદો અને ઊંચાં ઊંચાં શિખરો એ તો એક અખંડ ઉપાસના છે જ. પણ એટલાથી કાવ્ય પૂરું થતું નથી. તેથી ભક્તો રોજ રોજ નદીની લહરી ઉપરથી મંદિરના ઘંટાનાદની લહરીઓ આ કાંઠા સુધી મોકલતા રહે છે.

સંસ્કૃતિના ઉપાસક ભારતવાસીઓ આ જ સ્થાને ગંગાજળના કળશ અર્ધા ગોદામાં રેડે છે અને ફરી ગોદાના પાણીથી કળશ પૂર્ણ કરી લઈ જાય છે. કેટલી ભવ્ય વિધિ! કેટલું પવિત્ર ભાવભીનું કાવ્ય! એ ભક્તિરવ તો હૃદયમાં રહેલો છે. ઘંટાનાદ અને એ ભક્તિરવ પૂર્વસ્મૃતિએ જ સંભળાવ્યો. પ્રત્યક્ષ તો કેવળ એંજિનનો અવાજ જ સંભળાતો હતો. આધુનિક સંસ્કૃતિના આ પ્રતિનિધિ પ્રત્યેની સૂગ જો આપણે છોડી દઈએ તો રેલનાં પૈડાંનો તાલ કંઈ ઓછો આકર્ષક નથી હોતો. અને પુલ ઉપર તો એનો વિજયનાદ ચેપી જ નીવડે છે.

પુલ ઉપર ગાડી ખૂબ ચાલ્યા પછી મને થયું કે પૂર્વ બાજુ તો રહી જ ગઈ. અમે એ બાજુ ઊલટ્યા. ત્યાં તો તદ્દન નવી જ શોભા. પશ્ચિમ તરફ ગોદાવરી જેટલી પહોળી હતી એના કરતાંયે પૂર્વમાં વિશેષ પહોળી. એને અનેક માર્ગે સાગરને મળવું હતું. સરિત્પતિને સરિતા મળવા જાય ત્યારે એને સંભ્રમ તો હોય જ. પણ ગોદાવરી તો ધીરોદાત્ત માતા; એનો સંભ્રમ પણ

ઉદાત્ત રૂપે જ વ્યક્ત થઈ શકે. આ બાજુના બેટો જુદી જ જાતના. એમાં વનશ્રીની શોભા પૂરેપૂરી ખીલી હતી. પણ બ્રાહ્મણોનાં કે ખેડૂતોનાં ઝૂંપડાં આ બાજુથી દેખાતાં ન હતાં. આવતા પાણીના ધસારા સામે ટક્કર ઝીલતા એ બેટોમાં કોઈ ઊંચા પ્રાસાદ બાંધ્યા હોત તો વખતે દૂરથી દેખાત. કુદરતી કેવળ ઊંચા ઊંચા ઝાડની વિજયપતાકાઓ ઊભી કરી હતી. અને ડાબી બાજુ રાજમહેન્દ્રી અને ધવલેશ્વરની સુખી વસ્તી આનંદ માણતી હતી. આવા વિરલ દૃશ્યથી ધરાઈએ તે પહેલાં જ જમણી બાજુના નદીના કાંઠા ઉપર ઉન્મત્તપણે વહેતો કાશ ઘાસની ધોળી કલગીઓનો સ્થાવર પ્રવાહ દૂર દૂર સુધી ચાલતો દેખાયો. નદીના પાણીમાં ઉન્માદ હતો પણ એનાં મોજાં બન્યાં ન હતાં. આ કલગી-પ્રવાહે પવન સાથે કાવતરું કરેલું હોવાથી એ ગમે તેટલાં મોજાં ઉછાળી શકતો હતો. નજર પહોંચે ત્યાં સુધી જોયું અને નજરની પહોંચ અહીં ઓછી શા માટે હોય? પણ કલગીનો પ્રવાહ તો ચાલ્યો જ જતો હતો. ગોદાવરી જેવા પ્રવાહ સાથે હરિફાઈ કરતાં પણ એને સંકોચ ન હતો. અને એ શા માટે સંકોચ કરે? માતા ગોદાવરીના વિશાલ પુલિન પર એણે માતાનું સ્તન્યપાન ક્યાં ઓછું કર્યું છે?

માતા ગોદાવરી! રામ-લક્ષ્મણ સીતાથી માંડી વૃદ્ધ જટાયુ સુધી બધાંને તેં સ્તન્યપાન કરાવ્યું છે. તારે કાંઠે શૂરવીરો પણ પાક્યા છે અને તત્ત્વ-ચિંતકો પણ પાક્યા છે. સંતો પણ પાક્યા છે અને મુત્સદ્દીઓ પણ પાક્યા છે. દેશભક્તો પાક્યા છે અને ઈશભક્તો પાક્યા છે. ચારે વર્ણની તું માતા છે. મારા પૂર્વજોની તું અધિષ્ઠાત્રી દેવતા છે. અવનવી આશા સાથે તારે દર્શને આવ્યો છું. દર્શનથી તો કૃતાર્થ થયો છું. પણ આશાઓ હજી તૃપ્ત થઈ નથી. જેમ તારે કિનારે રામચંદ્રે દુષ્ટ રાવણના નાશનો સંકલ્પ કર્યો તેવો સંકલ્પ ક્યારનો સેવતો આવ્યો છું. તારી કૃપા હશે તો હૃદયમાંથી તેમ જ દેશમાંથી રાવણનું રાજ્ય મટી જશે, રામરાજ્યની સ્થાપના જોઈશું અને ફરી તારે દર્શને આવીશું. કંઈ નહીં તો કાશ-કલગીના પ્રવાહની પેઠે મને ઉન્મત્ત બનાવ જેથી વગર-સંકોચે, એકધ્યાને માતાની સેવામાં રત રહું અને બાકીનું બધું ભૂલી જાઉં. તારા નીરમાં અમોઘ શક્તિ છે. તારા નીરના એક બિંદુનું સેવન પણ વ્યર્થ નહીં જાય.

---

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી ચાલુ)

**ટૂંકાવીને....**

- ડિપ્લોમા ટુ ડીગ્રી પ્રવેશ પરીક્ષા માટે રેકોર્ડબ્રેક ૧૮ હજારથી વધુ વિદ્યાર્થી.
- જૂના વિદ્યાર્થીઓને તક આપવામાં આવતાં આ વર્ષે રજિસ્ટ્રેશનનો આંકડો વધ્યો.
- ગુજરાત યુનિવર્સિટી દ્વારા ફોરેન સ્ટુડન્સને હવે NRI હોસ્ટેલમાં રૂમો ફાળવાશે.
- ઈજનેરી-ફાર્મસી પ્રવેશ માટેની ગુજકેટમાં વિદ્યાર્થિનીઓ વધી. ઓપનિંગ સ્કૂલિંગના વિદ્યાર્થીઓ ૫૦ ટકા ઘટ્યા.
- દિવ્યાંગ પરીક્ષાર્થી પોતાનાથી એક સ્ટેપ નીચેની લાયકાતવાળો રાઈટર રાખી શકે.
- યુ.એસએ., યુ.કે. અને યુરોપમાં વિદ્યાર્થીઓને અભ્યાસની તક પારૂલ યુનિવર્સિટીના ૩૩ દેશોની ૮૩ યુનિવર્સિટી સાથે આંતરરાષ્ટ્રીય એમ.ઓ.યુ. વિશ્વભરની પ્રતિષ્ઠિત સંસ્થાનોમાં અભ્યાસ કરવાની વિદ્યાર્થીઓને અમૂલ્ય તક મળશે.

# સમન્વય અને મેળ : જ્ઞાતિ વ્યવસ્થાનાં બીજ

- કાકા કાલેલકર

ચૂંટણી સમયે જ્ઞાતિ અને ધર્મના નામે મતદારોનું ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ દેશના તમામ રાજકીય પક્ષો કરે છે ત્યારે અમે જ્ઞાતિ વ્યવસ્થાના મૂળમાં રહેલા કારણો અને પરિવર્તનોનો ઈતિહાસ પંડિત નહેરૂના પુસ્તક ''મારૂ હિન્દુનું દર્શન'' માંથી પુનઃ પ્રકાશિત કરીએ છીએ.

**- તંત્રી**

આર્યોના આગમનથી હિંદમાં નવા પ્રશ્નો ઊભા થયા. એ પ્રશ્નો જુદી જુદી જાતિઓને લગતા તેમજ રાજકીય સ્વરૂપના હતા. દ્રવિડ લોકોની પાસે સંસ્કૃતિની લાંબી પરંપરા રહેલી હતી પણ આર્યો પોતાને તેમનાથી અનેકગણા ચડિયાતા લેખાતા હતા એ નિર્વિવાદ છે અને એ બંને વચ્ચેનું અંતર મોટું હતું. આ ઉપરાંત હિંદમાં એ વખતે પછાત આદિવાસી જાતિઓ પણ હતી. એ લોકો ગોપ અવસ્થાનું વનવાસી જીવન ગુજારતા હતા. જાતિ જાતિ વચ્ચેના આ સંઘર્ષ તથા ક્રિયાપ્રતિક્રિયામાંથી ધીમે ધીમે વર્ણવ્યવસ્થા ઉદ્ભવી. પછીની સદીઓમાં એ હિંદના જીવન પર ઊંડી અસર કરનાર હતી. ઘણું કરીને આ વ્યવસ્થા મૂળે નહોતી આર્ય કે નહોતી દ્રવિડ. ભિન્ન ભિન્ન જાતિઓનું સામાજિક સંગઠન કરવાનો, તત્કાલીન મોજુદા હકીકતોનો મેળ સાધવાનો એ પ્રયાસ હતો. પાછળના વખતમાં એ વ્યવસ્થાથી સમાજની અધોગતિ થઈ અને હજી આજે પણ આ બોજારૂપ ને શાપરૂપ છે. પરંતુ પાછળના વખતના ધોરણો અથવા પછીથી તેમાં થયેલા ફેરફારો પરથી આપણે એનું મૂલ્યાંકન ન કરી શકીએ કે વ્યવસ્થા તે સમયની ભાવનાને અનુરૂપ હતી અને ઘણી ખરી પ્રાચીન સંસ્કૃતિઓમાં આવી જાતનું વર્ગીકરણ ઉદ્ભવ્યું હતું. જો કે ચીનમાં એમ થવા પામ્યું નહોતું. સાસાની યુગમાં આર્યોની બીજી શાખાના વંશજ ઈરાનીઓમાં પણ ચાર વર્ગો હતા. ગ્રીસની સંસ્કૃતિ સહિત લગભગ બધી જ પ્રાચીન સંસ્કૃતિઓ સામુદાયિક ગુલામગીરીની પ્રથા પર નભતી હતી. હિંદમાં ઘરકામ કરનારા થોડા ગુલામો હતા પણ અહીં મજૂરી કરનારા ગુલામોનો સમુદાય મોટો ન હોતો. પ્લેટો પોતાના रिपब्लिक (આદર્શનગર) નામના ગ્રંથમાં ચાતુર્વર્ણ્યને મળતા સામાજિક વર્ગોનો ઉલ્લેખ કરે છે. મધ્યકાલીન કૅથલિક સમાજ-વ્યવસ્થામાં પણ આવા પ્રકારનું વર્ગીકરણ હતું.

આર્ય અને અનાર્ય વચ્ચેના કડક વિભાગોથી જ્ઞાતિઓના વાડાઓનો આરંભ થયો. પછીથી અનાર્યોમાં દ્રવિડ જાતિઓ અને આદિવાસી જાતિઓ એવા બે વિભાગો પડ્યા. આરંભમાં આર્યોનો વર્ણ એક જ હતો. તે વખતે ગુણકર્મને આધારે તેમનામાં વિભાગો ન હતા. આર્ય શબ્દ ऋ એટલે ખડવું એ ધાતુ પરથી બન્યો છે. બધા

આર્યો ખેતી કરનારા ખેડૂતો હતા. ખેતીનો ધંધો ઉમદા લેખાતો હતો. ખેતી કરનાર ખેડૂત જ, પુરોહિતનું, સૈનિકનું અને વેપારીનું કામ કરતો હતો વિશિષ્ટ હક્કો ધરાવનાર પુરોહિત યા બ્રાહ્મણ વર્ણ તે વખતે અલગ ન હતો. મૂળે અનાર્યોથી આર્યોને જુદા પાડવા માટે યોજવામાં આવેલા વર્ણના વિભાગોની અસર ખુદ આર્યો પર થઈ અને ગુણકર્મના વિભાગો જેમ જેમ વધતા ગયા તેમ તેમ નવા નવા વર્ગો અથવા વર્ણો થતા ગયા.

આમ વિજેતા જાતિ એ પરાજિત જાતિઓનું નિકંદન કાઢવાનું અથવા તેમને ગુલામ બનાવવાનો રિવાજ તે વખતે પ્રચલિત હતો, ત્યારે વર્ણવ્યવસ્થા યા જ્ઞાતિ વ્યવસ્થાએ પ્રશ્નોનો શાંતિ ભર્યો ઉકેલ આપ્યો. એ ઉકેલ સમાજમાં ગુણકર્મના વધતા જતા ખાસ વિભાગોની સાથે બંધબેસતો હતો. જીવનના વ્યવસાયોના વિભાગો પાડવામાં આવ્યા અને ખેડૂતોના સમુદાયમાંથી ખેડૂતો, કારીગરો અને વેપારીઓ વગેરેનો વૈશ્ય વર્ગ ઊભો થયો, યોદ્ધાઓ તથા શાસકોનો ક્ષત્રિય વર્ગ ઊભો થયો અને પુરોહિતો તથા વિચારકોનો બ્રાહ્મણ વર્ગ પેદા થયો. બ્રાહ્મણોનું કાર્ય રાજનીતિમાં દોરવણી આપવાનું તથા પ્રજાના આદર્શોને સાચવી રાખવાનું અને ટકાવવાનું હતું. આ ત્રણ વર્ગોની નીચે શુદ્રો અથવા ખેડૂતો સિવાયના શરીરશ્રમ કરનારા મજૂરો હતા. આદિવાસી જાતિઓમાંથી ઘણી જાતિઓને સમાજમાં ધીમે ધીમે અંતર્ભૂત કરી લેવામાં આવી અને તેમને સમાજના છેક નીચેના એટલે કે શુદ્ર વર્ગમાં સ્થાન આપવામાં આવ્યું. આ રીતે અનાર્ય જાતિઓને સમાજ વ્યવસ્થામાં સમાવી લેવાની પ્રક્રિયા નિરંતર ચાલ્યા જ કરતી હતી. આ વર્ણોમાં પણ ઘણુંખરું એકમાંથી બીજામાં સંક્રાંતિ ચાલ્યા કરતી હોવી જોઈએ. એમાં જડતા અથવા વાડાબંધી દાખલ થઈ. ઘણુંખરું શાસક વર્ગને હંમેશા ઘણી છૂટછાટો મળતી હતી અને જીત મેળવીને કે બીજી કોઈ રીતે સત્તા હાથ કરનાર માણસ ચાહે તો ક્ષત્રિય વર્ગમાં જોડાઈ શકતો હતો. તેના મોભાને છાજે તેવી પરાપૂર્વના કોઈક આયુ વીરપુરુષ સાથે તેને જોડી આપતી વંશાવળી બ્રાહ્મણ પુરોહિતો પાસે તે તૈયાર કરાવી લેતો.

આર્ય શબ્દ કોઈ જાતિસૂચક મટી ગયો. 'ઉમદા' એવો તેનો અર્થ થવા લાગ્યો. એ જ રીતે અનાર્ય શબ્દનો અર્થ 'હિન' અથવા 'નીચો' એવો થવા લાગ્યો અને તે સામાન્ય રીતે ગોપવૃત્તિની અને વનવાસી જાતિઓ વગેરેને માટે વપરાવા લાગ્યો.

હિંદીઓ પૃથક્કરણની ખાસ શક્તિ ધરાવતા હતા અને વિચારો તથા ખ્યાલોનું અને જીવનની પ્રવૃત્તિઓ સુદ્ધાંનું વર્ગીકરણ કરવાની તેમને ધગશ હતી. આજે સમાજને ચાર મુખ્ય વિભાગોમાં-વર્ણોમાં વહેંચી નાખ્યો, એટલું જ નહીં, વ્યક્તિના જીવનને પણ ચાર ભાગમાં વહેંચી નાખ્યું. પહેલો ભાગ બ્રહ્મચર્યાશ્રમ એટલે કે માણસના જીવનની વિદ્યાર્થી અવસ્થા. એમાં માણસ વિદ્યા સંપાદન કરે અને આત્મનિગ્રહ અને ભાવી જીવન માટે જરૂરી શિસ્ત કેળવે. બીજો ભાગ ગૃહસ્થાશ્રમ અથવા સંસારી જીવન, ત્રીજો ભાગ વાનપ્રસ્થાશ્રમ. માણસે હવે અમુક પ્રકારની સમતા તેમજ તટસ્થ વૃત્તિ કેળવે છે. તે

કશા લાભ કે બદલાની આશા રાખ્યા વિના પોતાની શક્તિ સમાજસેવાનાં કાર્યોમાં ખરચે છે. છેલ્લો ભાગ સંન્યાસાશ્રમ. જીવનની આ છેલ્લી અવસ્થામાં માણસ દુન્યવી પ્રવૃત્તિઓથી સાવ અળગો થઈ નિવૃત્તિપરાયણ જીવન ગાળે છે. આ રીતે માણસમાં સાથે સાથે જ રહેલી નિવૃત્તિપરાયણતા અને પ્રવૃત્તિપરાયણતા એ પરસ્પર વિરોધી વૃત્તિઓનો સુયોગ સાધ્યો હતો.

ચીનની પેઠે હિંદમાં પણ વિદ્યામાં તથા પંડિતાઈનું સમાજમાં બહુમાન કરવામાં આવતું. વિદ્યામાં શ્રેષ્ઠ પ્રકારનું જ્ઞાન તથા સદાચાર ગર્ભિત રીતે હોય છે એમ માનવામાં આવતું હતું. એ બંને દેશોમાં વિદ્યાસંપન્ન માણસ આગળ રાજકર્તાઓ તથા શૂરવીર યોદ્ધાઓ પણ સદાય નમતા આવ્યા છે. અસલના વખતમાં હિંદમાં એવી માન્યતા હતી કે જેમને સત્તાનો અમલ કરવાનો હોય તેઓ તટસ્થતા જાળવી શકતા નથી. તેમના અંગત હિતો તથા તેમની વૃત્તિઓ તેમની પ્રજાકીય ફરજોની સાથે અથડામણમાં આવે છે. પરિણામે ધ્યેયો તથા આદર્શો નક્કી કરવાનું અને સદાચારનાં ધોરણો સાચવી રાખવાનું કામ વિચારકોના વર્ગને અથવા સમૂહને સોંપવામાં આવ્યું હતું. એ વર્ગ આજીવિકાની ચિંતાથી મુક્ત હતો. તેને બીજું ઝાઝું કામ ન હતું, એટલે જીવનના પ્રશ્નોનો તટસ્થતાથી અને નિષ્પક્ષપણે વિચાર કરી શકતો હતો. વિચારકોનો યા ફિલસૂફોનો આ વર્ગ સમાજમાં સૌથી ઉચ્ચ સ્થાને અને શ્રેષ્ઠ લેખાતો. સૌ કોઈ તેમના તરફ આદર રાખતાં. કર્મ કરનારા અથવા પ્રવૃત્તિપરાયણ લોકો - રાજકર્તાઓ અને સૈનિકો - એટલે કે ક્ષત્રિયો એ પછી આવતા અને તેઓ ગમે એટલા બળવાન અને સમર્થ હોય તોયે તેમને પહેલા વર્ગના લોકો એટલે કે બ્રાહ્મણો કરતાં ઓછું માન મળતું. ધનદોલત ધરાવનાર વર્ગને એટલે કે વૈશ્યોને એથી પણ ઓછું માન મળતું. ક્ષત્રિયો એટલે કે સૈનિક વર્ગ પ્રથમ સ્થાને ન હતો. પણ સમાજમાં તેનો દરજ્જો ઘણો ઊંચો લેખાતો હતો. ચીનની પેઠે તેમના પ્રત્યે અહીં ધૃણા રાખવામાં આવતી નહીં.

હિંદની સમાજવ્યવસ્થાના મૂળમાં રહેલો આ સિદ્ધાંત છે. યુરોપમાં મધ્ય યુગમાં રોમન ચર્ચે અધ્યાત્મિક, નૈતિક અને સદાચારની બધીયે બાબતોમાં અને રાજ્ય સંચાલનના મૂળભૂત સિદ્ધાંતોની બાબતોમાંયે દોરવણી આપવાનું કાર્ય હાથ ધર્યું હતું. ખ્રિસ્તી સમાજ રચનાના મૂળમાં પણ આ સિદ્ધાંત નજરે પડે છે. રોમની રાજ્ય સત્તામાં એટલે કે રાજ્યસંચાલનમાં ચર્ચના અધિકારીઓ પોતાના હકથી રાજકર્તાઓને નિયમમાં રાખતા. હિંદમાં બ્રાહ્મણ વર્ગ વિચારકો અને ફિલસૂફો પોતાના જામી ગયેલા હિતો જાળવી રાખવા માટે બળવાન અને સુસંગઠિત પુરોહિત વર્ગ બની ગયો. આ સિદ્ધાંતની હિંદી જીવન પર વત્તાઓછા પ્રમાણમાં ઊંડી અસર થઈ છે અને વિદ્યા તથા ઉદારવૃત્તિથી ભરેલો, સદાચારી, આત્માનિગ્રહી અને બીજાઓને માટે પોતાનું બલિદાન આપવાને તત્પર એવા શ્રેષ્ઠ મનુષ્યનો આદર્શ હજી ટકી રહ્યો છે. ભૂતકાળમાં બ્રાહ્મણ વર્ગે વિશિષ્ટ અધિકારો ધરાવનાર સુરક્ષિત વર્ગોના બધાયે દુર્ગુણો દાખવ્યા છે. તેમનામાં ઘણાખરા

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# શિક્ષણમાં નવાચારનો પર્યાયી : નાથાભાઈ

**સંકલન : અશ્વિન પ્રજાપતિ**

ગુજરાતના વિચારપુરુષ, ચિંતક ગુણવંત શાહે ક્યાંક નોંધ્યું છે કે પાકને જ્યારે નવી કૂંપળો ફૂટે ત્યારે દક્ષિણ ગુજરાતનો ખેડૂત કહે છે, ''ફૂટાળો લાગ્યો,'' પાકમાં કૂંપળો લાગે એમાં કુદરત પછી સૌથી વધુ કોઈ જવાબદાર હોય તો એ છે ખેડૂતોનો પરસેવો, ખેડૂતની માવજત ને ખેડૂતની કુનેહ. માત્ર જો કુદરત જ જવાબદાર હોત તો પાસ પાસેના બે ખેતરોમાં સરખો ફૂટારો લાગવો જોઈએ પણ એવું થતું નથી, એના પાયામાં ખેડૂત છે. જે ખેડૂત છોડના રંગ, કુમાશ વગેરે જોઈને એની જરૂરિયાત સમજી શકે, એ મુજબ જરૂરિયાત પૂરી કરી શકે એનું ખેતર ફૂટારાથી છલકી ઊઠે. ટૂંકમાં છોડની એક વિશિષ્ટ ભાષા, લિપિ ઉકેલતા આવડે એ સારો ખેડૂત સિદ્ધ થાય. ક્યારેક એવું પણ બને છે કે એક જ ખેતરમાં બે અલગ અલગ ખેડૂત બદલાય ત્યારે સામાન્ય અને સારા ખેડૂત વખતનો તફાવત ઊડીને આંખે વળગતો હોય છે. જેમ ખેતર પરથી ખેડૂત, ગૃહ પરથી ગૃહિણી, મંદિર પરથી પૂજારી પરખાય એમ કોઈ શાળા પરથી આચાર્ય કે શિક્ષક પરખાય જાય. ક્યારેક ઘરેડમાં ચાલીને ઘરડા થયેલા શિક્ષકથી શાળાને પણ એના ઘડપણનો ચેપ લાગ્યો હોય તો ક્યારેક વિચારવંત, ઉત્સાહથી તરોતાજાં અને સમર્પિત શિક્ષકના પારસસ્પર્શથી નિશાળને પણ ફૂટારો લાગે એ અશક્ય નથી!

અહીં બસ એવા જ એક શિક્ષકના પાવન સ્પર્શથી એક સમયની સજાની ગણાતી શાળા-મજાની બની છે, એની વાત કરવી છે. સજાની શાળાથી મજાની શાળા સુધીની યાત્રા આલેખતાં સહજ રીતે જ એ યાત્રાના સુકાની એવા શિક્ષકની વંદના થશે એ મારો નફો. આ શાળા એટલે જૈન તીર્થધામ પાલીતાણાના પછાત વિસ્તારની શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળા કે જ્યાં મોટાભાગે લઘુમતી સમુદાયના બાળકો જ ભણવા આવે છે. અને શિક્ષક એટલે નાથાભાઈ ચાવડા. પાલીતાણાનું ખૂબ ઊંડું, અંતરિયાળ, પંખીના માળા જેવું નાનું અને રળિયામણું ગામ માઈધાર નાથાભાઈનું વતન. આ માઈધાર એટલે આપણાં જાણીતા કેળવણીકાર અને સર્જક એવા મનુભાઈ પંચોલી 'દર્શક' ની સ્વપ્નભૂમિ. ગામડામાં બેસીને કામ કરવાની ગાંધીઆજ્ઞાથી ગ્રામોદ્ધારનું કામ કરતા 'દર્શકે' અહીં ગામડાના લોકોને પગભર કરવા અવૈધિક શિક્ષણ માટે પંડિત સુખલાલજીના નામે લોકવિદ્યાલય શરૂ કર્યું ત્યારે આ નાથાભાઈના વડવાઓએ ટોકન ભાવે જમીન સંસ્થાને આપેલી. આવી સમર્પણ પરંપરાના પરિવારમાં નાથાભાઈ સમાજ પ્રત્યેની વ્યક્તિની નિસબત્તના સંસ્કારો સહજ રીતે પામ્યા. શિશુ જેમ માતાની અમૃતકુંભ સમી છાતીએ વળગીને પોષણ મેળવે એમ શેત્રુંજી કાંઠાની આ ફળદ્રુપ

જમીનમાંથી આ ગામડાના ભોળો લોકો ખેતી કરી પોતાની આજીવિકા રળી લેતા. ગામની મુખ્ય વસ્તી આહીરોની. મચ્છુના કાંઠે મુરલીધરનું ''તેગે ને દેગે ભેળો રહીશ'' એવું અભય વચન પામેલા ભજન, ભક્તિ, ભોળપણ અને ભોજનના દિલેરી એવા આહીર ખેડૂ પરિવારમાં અન્ય માટે ઘસાવવું, ગમે તેવી કપરી સ્થિતિમાંથી રસ્તો શોધવો, કપરા સંજોગો સામે બાથ ભીડવી જેવા ગુણો નાથાભાઈને સહજ પ્રાપ્ય બન્યા. નાથાભાઈએ પ્રાથમિક શિક્ષણ 'દર્શક'ની સ્વપ્નભૂમિ વતન માઈધારમાં લીધું. ત્યારે હું - આ લખનાર ત્યાં જ લોકભારતીના માઈધાર કેમ્પસ પર શિક્ષક તરીકે તાલીમ લઈ રહ્યો હતો, એટલે શક્ય છે કે મારા કોઈ પ્રાયોગિક પાઠમાં નાથાભાઈ વિદ્યાર્થી તરીકે મારા વર્ગમાં પણ બેઠા હશે. કેવો યોગાનુયોગ!!

અહીં કોઈને અસ્થાને લાગશે પણ નાથાભાઈના ભાવવિશ્વનો વિસ્તાર કરવામાં આ કેમ્પસનો પ્રત્યક્ષ કે પરોક્ષ ફાળો રહ્યો જ છે એવું ખુદ નાથાભાઈ પણ સ્વીકારે છે એટલે જરા એનો પરિચય પણ આપું. દર્શકનું નિવાસસ્થાન લોકભારતીમાં, પણ જ્યારે એમનામાં રહેલો સાહિત્યકાર સળવળાટ કરે અને લખવા બેચેન બને ત્યારે એ માઈધાર આવવાનું પસંદ કરતા. નાનું, સોહામણું ગામ એવું જ લોકભારતીની સરખામણીમાં ઘણું નાનું કહી શકાય એવું પણ વૃક્ષો, ફૂલછોડ, લત્તામંડપોથી આચ્છાદિત, ખુલ્લાં-હરિયાળા ખેતરોથી ઘેરાયેલું કોઈ વનપરીના ખોળા જેવા માઈધાર કેમ્પસમાં 'દર્શક' ખીલતા. આવા ખીલેલા દર્શકના મુખે છાત્રાલય અને રસોડા વચ્ચેના મોટા ચોકમાં ગળેલી રાતે, ખીલેલી ચાંદનીમાં વાર્તાઓ, ઈતિહાસકથાઓ, રામાયણ-મહાભારતના મર્મ સાંભળ્યાનું હજુ એવું જ તાજું લાગે છે. હું ત્યાં ભણતો ત્યારે દર્શકદાદાએ આ કેમ્પસ પર ''વસ્ત્રાવરણ'' લખેલું એનું સ્મરણ છે. બસ હવે અટકું, નહીંતર માઈધારના સ્મરણોના જ પાનાં ભરાય એમ છે. પણ આ આછી ઝલક આપી એવા ભાવાવરણની નજીકમાં, આગળ જોયું એવા ભલા ભોળા ખેડૂત પરિવારમાં નાથાભાઈનું ભાવવિશ્વ સમૃદ્ધ બન્યું. આ સમૃદ્ધ ભાવવિશ્વના બીજારોપણ સાથે પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરીને પડોશી ગામ પીંગળીમાં માધવ માધ્યમિક શાળામાં માધ્યમિક શિક્ષણ લીધું. નાથાભાઈની શિક્ષકત્વની યાત્રામાં અહીં મોટો સ્પીડબ્રેકર આવ્યો. ધોરણ-૧૦માં તેઓ નાપાસ થયા. એ સમય જ એવો કે સૌરાષ્ટ્રમાં ખેતીની ટૂંકી જમીન હોય અને દીકરો ભણવામાં પણ અસફળ બને તો મા બાપને દીકરા માટે એક જ વ્યવસાય નજર સામે દેખાતો - હીરા ઘસવાનો. નાથાભાઈનું પણ એમ જ થયું. નાથાભાઈ હિરાઘસુ બન્યા. પણ નિયતીએ તો નાથાભાઈ માટે કારખાનામાં હીરા ઘસવાને બદલે નિશાળામાં હીરા ઘસવાનું નિર્મેલું હતું. એટલે એમના મોટાભાઈ એમની મદદે આવ્યા અને જાહેર કર્યું કે ભાઈ નાથાને ભણવાનું છે, હું એને ભણાવીશ. અને ખરે જ નાથાભાઈ રીપીટર વિદ્યાર્થી તરીકે ધોરણ-૧૦ પાસ થઈ યાત્રાધામ પાલીતાણામાં ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ માટે ગયા. અહીં હાઈસ્કૂલના આચાર્ય જયદેવસિંહ વાળા ખૂબ જ પ્રેમાળ પણ કડક શિસ્તના આગ્રહી. નાથાભાઈ એમની પાસેથી શિસ્તના પાઠ ભણ્યા.

આ શિસ્તના શિક્ષણને કારણે જ એન.એસ.એસ. માં જોડાયા, એટલું જ નહીં પણ વર્ષ ૧૯૯૯માં એન.એસ.એસ. ના શ્રેષ્ઠ સ્વયંસેવક તરીકે પસંદ થયા. વિદ્યાર્થી તરીકેની શિસ્ત, વિનય અને વિદ્યાવ્યાસંગથી પાલીતાણા હાઈસ્કૂલના વર્ષ ૨૦૦૦ના ''સ્ટુડન્ટ ઑફ ધ યર્સ'' નો ખિતાબ પામ્યા. આવા શ્રેષ્ઠ વિદ્યાર્થીઓના ગુણનું ભાથું લઈને શિક્ષણ અને સંસ્કાર નગરી ભાવનગરની વરિયા આર્ટસ કૉલેજમાં બી.એ. થયા. એક જ સ્થળે નાનાભાઈ ભટ્ટ, હરભાઈ ત્રિવેદી અને ગિજુભાઈ બધેકા જેવા ત્રણ ત્રણ ધુરંધર કેળવણીકારોએ સાથે કામ કર્યું હોય એવું એકમાત્ર ભાવનગર હશે. એટલે એના વાતાવરણે, પેલા માઈધારના ભાવાવરણે જે બીજારોપણ કરેલું એને ખીલવવાનું કામ કર્યું અને આવો બીજો વધારાનો બુસ્ટર ડોઝ આપવાનું કામ કર્યું ઓરેન્જ નગરી પુણેએ. ત્યાં નાથાભાઈએ શારીરિક શિક્ષણમાં મહાવિદ્યાલયમાં બી.પી.એડ્. કર્યું. આમ અહીં નાથાભાઈની સમૃદ્ધ માનસિકતા સાથે જ શારીરિક સમૃદ્ધિમાં પણ વધારો થયો. સાથે શિક્ષકત્વની પૂર્ણ દીક્ષા પણ મળી.

નાથાભાઈની શિક્ષકત્વની યાત્રાની આટલી ભૂમિકા પછી, અહીં વાંચકને એ વાત દૃઢ થાય એ સ્વાભાવિક છે કે હવે નાથાભાઈના શિક્ષકત્વની યાત્રા ટોપ ગિયરમાં ચાલવાની છે. આ યાત્રાની શરૂઆત તારીખ ૨૯-૧૧-૨૦૦૪ રોજ, જ્યાં પોતે શિક્ષણ મેળવેલું એ યાત્રાધામ પાલીતાણાની ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળામાંથી થઈ જે આ જ પર્યંત ચાલુ છે. આ શાળા એટલે પાલીતાણાના પછાત વિસ્તારની શાળા. મોટેભાગે લઘુમતી કોમના ખાટકીના બાળકો ભણવા આવે. એક તો આ વિસ્તાર પછાત એમાંય પાછો આ સમાજ શિક્ષણક્ષેત્રે કુંભકરણની ઘોર નિંદ્રામાં પોઢેલો સમાજ. એટલે સહજ છે કે વિદ્યાર્થીઓની અનિયમિતતા સહિતની ઘણી બધી, ગણી ન શકાય એવી અને એટલી સમસ્યાઓથી આ શાળા ઘેરાયેલી રહેતી. આ બધી સમસ્યાઓનો સામનો તો શિક્ષકો જ કરવાનો હોય એટલે સ્વાભાવિક છે કે કોઈ શિક્ષક અહીં આ શાળામાં આવવાનું પસંદ ન જ કરે, એટલે એક રીતે આ શાળા શિક્ષકો માટે સજાની શાળા હતી. તંત્ર કોઈ શિક્ષકને સજા કરવી હોય ત્યારે તેને આ શાળામાં મૂકતું. નાથાભાઈ આ શાળામાં નિમાયા ત્યારે શરૂઆતમાં ક્યાંથી કામ કરવું એ જ એમને નહોતું સમજાતું. પણ મા-બાપની આધ્યાત્મિકતા, ખેડૂત તરીકેના કઠોર શ્રમનિષ્ઠા અને આવી પડેલી આપત્તિને અવસરમાં પલટાવવાની વૃત્તિ નાથાભાઈને ગળથૂંથીમાં મળેલી એટલે આવી પડેલ પડકાર જનક સ્થિતિનો તોડ કાઢવા વિચારતા રહ્યા, મથતા અને એના પરિપાકરૂપે એમના ભેજામાંથી એક પછી એક કીમિયા ઊગતા રહ્યા. એનો અમલ પણ કરતા રહ્યા. અને આજે આ શાળા આ પંથકમાં સજાની નહિ પણ મજાની શાળા તરીકે ઓળખાણ પામી છે.

સૌ પ્રથમ નાથાભાઈ એ વાલીઓને ટાર્ગેટ બનાવ્યા. જો વાલીઓ શાળા પ્રત્યે શ્રદ્ધાવાન બને તો બાળકો શાળામાં નિયમિત બને અને ટકી રહે. એટલે શાળા દ્વારા 'સાક્ષરતા દીપ' કાર્યક્રમ અમલમાં મુકાયો. જે બાળકોના વાલીઓ નિરક્ષર હોય એમની યાદી

બનાવવામાં આવી અને તેમને રાત્રે શાળામાં ભણાવવાનું શરૂ કર્યું. આ રાત્રિ શાળાનો લાભ ૪૫ થી વધુ વાલીઓએ લીધો. આ પ્રયોગથી વાલીઓ અને શાળાનું અંતર ઘટ્યું. વાલીઓને થયું. 'આ નવો માસ્તર છોકરાનું ભલું કરશે' અને જોતજોતામાં આખા વિસ્તારમાં આ માસ્તર પ્રત્યે સદભાવનું મોજું ફરી વળ્યું. નાથાભાઈનું પણ આ રાત્રિશાળાના સાધનથી વાલીઓને શાળાભિમુક કરવાનું સાધ્ય હતું ને? એમાં એ પુરેપુરા સિદ્ધ થયા. વાલીઓમાં ફેલાયેલા પોતાના પ્રત્યેના સદ્‌ભાવથી નાથાભાઈ વધુને વધુ પ્રોત્સાહિત થતા રહ્યા અને એમના ભેજામાં સમસ્યાના સમાધાનરૂપે અનેક નવા નવા વિચારો આવતા રહ્યા. આ વિચારો આચારમાં તબદીલ થતા રહ્યા. શાળા નવચારથી ધમધમતી બની. નાથાભાઈને બધી સમસ્યાઓનો રામબાણ ઉપાય હાથ લાગી ગયો - ઈનોવેશન. જોતજોતમાં આખાય ભાવનગર પંથકમાં નાથાભાઈ ઈનોવેટિવ શિક્ષક ઓળખાવા લાગ્યા. શાળામાં પ્રવૃત્તિ દ્વારા અપાતા શિક્ષણથી શાળામાં સંખ્યામાં વધારો થતાં પૂરતો સ્ટાફ મળ્યો લાયકાત ધરાવતા આચાર્ય પણ મળ્યા. આ વધેલી સંખ્યાએ એક સમસ્યા સર્જી- વર્ગખંડની. સંખ્યાના પ્રમાણમાં વર્ગખંડો અપૂરતા હતા. કોઈ સામાન્ય શિક્ષક હોત તો સરકારમાં વર્ગખંડની લેખિત માંગ કરીને આત્મસંતોષ લઈને બેસી જાત પણ અહીં નાથાભાઈએ આવી મજબૂત બચાવ-પ્રયુક્તિનો ઢાલ તરીકે ઉપયોગ ન કરતાં, પોતે જ વાંસ-કોથળાથી એક પ્રજ્ઞાકુટિરનું નિર્માણ કર્યું. આ કુટીરે પ્રાચીન ઋષિના આશ્રમની સમાજને યાદ અપાવી. નાથાભાઈએ દૃષ્ટિપૂર્વક આ કુટીરને સજાવી. કુટીર જોવાલાયક બની. પ્રેસ મીડિયા અને સોશિયલ મીડિયાએ આ કુટીરને પૂરતું કવરેજ આપ્યું. આથી ભાવનગર જિલ્લાના ઈનોવેશન ફેરમાં આ પ્રયોગને સ્થાન મળ્યું. આ કુટિરની સફળતાએ નાથાભાઈને નવાચારનો અર્થ સમજાવ્યો. આ કુટિરથી બે ફાયદા થયા એક તો વર્ગખંડની ઘટ પૂરી થઈ બીજો આ સફળ પ્રયોગથી પ્રોત્સાહિત થયેલા નાથાભાઈ નિત્ય નૂતન રહીને નવા નવા ઈનોવેશનના જનક બની શક્યા.

બાળકોની અનિયમિતતા દૂર કરવા નાથાભાઈએ રવિવારે શાળામાં સાયકલ ડ્રાઈવિંગ સ્કૂલ શરૂ કરી. આ ડ્રાઈવિંગ સ્કૂલમાં પ્રવેશ માટેની એક શરત રાખી કે જે બાળકો ચાલુ માસમાં 90% થી વધુ હાજરી આપશે એને આવતા માસમાં પ્રવેશ મળશે. નાના બાળકોને મન તો સાયકલ એટલે તો ચાર ચાર બંગડીવાળી ગાડી જ હોય! આવી રીતે દર રવિવારે બાળકો શાળામાં સાયકલ શીખે, નાથાભાઈ શીખવે. આનાથી ઓછી હાજરીની સમસ્યાનો મહદ્‌અંશે અંત આવ્યો.

શાળામાં એક ''ભાઈબંધની દિવાલ'' છે. આ પણ નાથાભાઈના ફળદ્રુપ ભેજાની નીપજ. આ દિવલ સંદર્ભે એમણે જાહેર કર્યું કે જેના ઘરે વધારાના જુના પણ પહેરી શકાય એવા કપડાં, સ્વેટર કે શાલ વગેરે હોય એ આ દિવાલે ટીંગાડી જાય અને જરૂર હોય તે કોઈને પણ જણાવ્યા વિના લઈ જાય. મને તો લાગે છે કે આ ભાઈબંધની દિવાલવાળા પ્રયોગથી સમાજમાં અનાયાસે બે મૂલ્યો પ્રસ્થાપિત થયા, એક તો જરૂર હોય એ

પોતાનું સ્વમાન સાચવી ને જરૂરિયાત મુજબની વસ્તુ લઈ શકે. (આજે જ્યારે નાની વસ્તુનું દાન દેતી વખતે ઢગલો ફોટો પાડી સોશિયલ મીડિયામાં દાનનો ઢોલ પીટતા દાનેશ્વરીનો રાફડો ફાટ્યો છે ત્યારે આ કામ સમયસરનું લાગે છે.) બીજું જે વધારાનું છે એ બીજા માટે છોડવાનો ગુણ એટલે કે અપરિગ્રહવૃત્તિના બીજ બાળમાનસમાં રોપાય જાય.

આજે પણ સમાજના શ્રેષ્ઠિઓની નજર સારી શાળાઓમાં થતી સારી પ્રવૃત્તિ, પ્રયોગો તરફ જાય જ છે. એમાંય આ તો જૈન શ્રેષ્ઠિઓની આસ્થા-શ્રદ્ધાનું કેન્દ્ર એવું પાલીતાણા હતું. એટલે સહજ રીતે જૈન સાધુઓના રાજીપાથી શેત્રુંજય યુવક મંડળ દ્વારા શાળાને ત્રણ લાખ જેટલી માતબર રકમની સખાવતી મળી. આ રકમમાંથી શાળાએ બાળકોના ભોજન અને ભજન કક્ષનું નિર્માણ કર્યું. ૫૧ જેટલી બાંકડીઓ અને ગાદીથી આ કક્ષ સજ્જ બન્યો. હાલ સુલસા શ્રાવિક ગ્રુપ દ્વારા બાળાઓ માટે સિલાઈ મશીન ભેટ મળ્યા છે. આથી શાળાની બાળાઓ પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરે ત્યાં સુધીમાં આત્મનિર્ભર બની શકે એવું શાળાએ આયોજન કર્યું છે. આવી શ્રેષ્ઠ ગિફ્ટ સામે રિટર્ન ગિફ્ટ માટે શાળાએ શું કર્યું ખબર છે? શાળાએ ''એક બાળ એક છોડ'' ની યોજના અમલમાં મૂકી. એ અંતર્ગત ૩૫૧ ગુલાબના છોડ લાવીને શાળાએ પ્રત્યેક બાળકને આપ્યા. બાળકોએ આ છોડથી એક વાટિકા બનાવી, જેનું નામકરણ ગીરીરાજ શેત્રુંજયના નામે ''ગિરિરાજ વાટિકા'' થયું. કેવી અદભૂત રિટર્ન ગિફ્ટ!

આજે પ્લાસ્ટિક પુરા વિશ્વ માટે એક મોટી સમસ્યારૂપ બન્યું છે. શાળા, મહાશાળાના કેમ્પસ પ્લાસ્ટિકથી ભરેલા જોઈ શકાય છે. નાથાભાઈએ પોતાની શાળાને પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ રાખવા ''ચાલો શાળાની સફરે...'' એવો નવો પ્રયોગ કર્યો. એ મુજબ શાળાના બાળકોની એક ટુકડી શાળા પરિસરની સમયાંતરે સફર કરે અને જો કચરો દેખાય તો એની નોંધ કરી ને કચરાપેટીમાં નાખે. બીજા દિવસે પ્રાર્થનાસભામાં આ નોંધ રજૂ થાય. દા.ત. અમારી સફર ૧-૩૦ વાગ્યે શરૂ થઈ, ધોરણ ત્રણના વર્ગની પાછળની બારી પાસે ચોકલેટના ત્રણ કાગળ મળ્યા. કુલ આટલા કાગળો થયા જે અમે કચરાપેટીમાં નાખ્યા. આ પ્રયોગ લાગે નાનો પણ એનું પરિણામ અદ્‌ભુત મળ્યું. પોતાના વર્ગ પાસે તો કાગળ ન જ મળવો જોઈએ એ માટે દરેક વર્ગના બાળકો સજાગ બન્યા અને આ રીતે શાળા પરિસર પ્લાસ્ટિકમુક્ત બની સ્વચ્છ બન્યું.

બાળકોમાં રહેલી કચાશના કારણો જાણી, તેના નિદાન અને ઉપચાર માટે બાળકોને વ્યક્તિગત માર્ગદર્શન મળે એટલે દર મહિનાની બીજી તારીખે નાથાભાઈએ શાળામાં ''વિદ્યા ક્લિનિક'' શરૂ કર્યું. એમાં દરેક વાલીઓ આવે, પોતાના બાળકની કચાશ અને એના સંભવિત કારણો જાણી એનો શિક્ષક અને વાલીઓ સહિયારો ઉપચાર કરે છે. નાથાભાઈનું આ ઈનોવેશન રાજ્યકક્ષા સુધી શ્રેષ્ઠ ઈનોવેશન તરીકે પસંદગી પામ્યું છે. આ અને આવી અનેક સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, પ્રકલ્પો માટે શિક્ષક માત્ર શાળાના સમયપત્રકને વળગીને ચાલે તો આમાંથી ઘણું ન થઈ શકે પણ નાથાભાઈ સમયપત્રકની મર્યાદાને ગાંઠે એવા નથી. એમણે ''ઈનોવેટિવ રવિ મંડળ'' શરૂ

કર્યું. આ મંડળ અંતર્ગત બાળકો રવિવારે કશા પણ સાહિત્ય વિના શાળાએ આવે છે. ચાલુ દિવસોમાં અભ્યાસને કારણે ઈચ્છા હોવા છતાં નહીં થઈ શકેલ પ્રવૃત્તિઓ આ દિવસે કરે છે. જેમાં શિક્ષકો પણ જોડાય. ખરા અર્થમાં ભાર વિનાનું ભણતર કોને કહેવાય એનો ઉત્તમ નમૂનો. શિક્ષકો, કેટલીક શિક્ષણતંત્રની મર્યાદાઓને કારણે રોજનો દાવો ન કરું તો પણ એવો દાવો તો હું ચોક્કસ કરી શકું કે રવિવારે આ શાળાના બાળકો ખરા અર્થમાં ગાંધી પ્રબોધિત નઈ તાલીમ પામતા હશે!

કાળમુખા કોરોનાના સમયે ''શાળા બંધ શિક્ષણ નહીં'' કાર્યક્રમ નાથાભાઈએ અમલમાં મૂક્યો. મદ્રેસાનો ઉપયોગ આ શાળા શિક્ષણ માટે પણ થઈ શકે એવું એમણે સિદ્ધ કર્યું. આ ઉપરાંત શેરીના ઓટલે પણ ભાઈની શાળા ચાલી. કોરોનાને કારણે થયેલા લર્નિંગલોસને પૂરો કરવા સમયદાનથી શાળા સમય પૂર્ણ થયા પછી પણ આ શાળા ચાલુ રહી શકી છે અને બાળકોનો લર્નિંગલોસ ઘટાડવામાં આ શાળા સફળ રહી છે. આ ઉપરાંત ''પાકું કરો અને ઈનામ જીતો'' અંતર્ગત બાળકો વધુને વધુ મૌખિક રીતે પાઠ તૈયાર કરે, ઘડિયા-પલાખા જેવી ગણિતની પાયાની બાબતો હસ્તગત કરે એવા હેતુમાં ખૂબ સફળતા મળી છે.

આ બધું તો જે માટે વેતન લે છે એ શિક્ષણ પ્રત્યેની નિસબતની વાતો થઈ. સારો શિક્ષક સમાજ પ્રત્યે પણ નિસબત ધરાવતો હોય છે. કોરોનાકાળમાં દરરોજ ૧૦૦ લીટર આયુર્વેદિક ઉકાળાનું વિતરણ સમાજમાં સ્વખર્ચે આ શિક્ષક કરી ચૂક્યા છે. પોતાની આયુર્વેદિક નિષ્ઠા, શ્રદ્ધાથી નિકોટીનમુક્ત ભારતનું સ્વપ્ન આ શિક્ષકની આંખોમાં તમે પામી શકો એમ છો. પાલીતાણા નગરની સ્વચ્છતા માટે નગરપાલિકાએ આ શિક્ષક અને એમની ટીમના શેરી નાટકોને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે આવકાર્યા છે. માત્ર સ્વચ્છ પાલીતાણા જ નહીં પણ સ્વચ્છ અને હરિયાળા પાલીતાણા માટે ૧ લાખ વૃક્ષો ઉછેરવાની સ્વૈચ્છિક જવાબદારી નાથાભાઈએ પોતાના શિરે લીધી છે. આ કાંઈ દૃઢ નિશ્ચય કે આત્મબળ વિના સંભવે? ''મારી જેલ મારી શાળા'' પ્રોજેક્ટ મુજબ જેલમાં કેદીઓને મૂલ્યલક્ષી શિક્ષણ માટે વધારાના સમયે નાથાભાઈ જાય છે. કેદીઓ ડાયાડમરા થઈને આ શિક્ષક પાસેથી રામાયણ, મહાભારત, ભાગવતના પ્રસંગો પોતાના શિક્ષણ પ્રયોગો, પ્રસંગોની વાત સાંભળે છે.

''આવા અનેક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ માટે ક્યારેક દાન ન મળે તો તમે શું કરો છો?''

મેં નાથાભાઈને પૂછ્યું.

''સાહેબ મેં મારું મેડિકલ એલાઉન્સ ક્યારેય મારા માટે વાપર્યું નથી. ઈશ્વરકૃપાથી સ્વાસ્થ્ય સારું રહે છે એટલે એ રકમ આવી પ્રવૃત્તિઅમાં વાપરું છું.'' નાથાભાઈએ સહજ રીતે કશા આડંબર વિના કહ્યું.

એમની સાથેની વાતચીતમાં ''ઈનોવેશન-નવાચાર દ્વારા શિક્ષણની મોટાભાગની સમસ્યા નિવારી શકાય છે, એટલું જ નહીં પણ તમે એક સમસ્યા માટે શરૂ કરેલું ઈનોવેશન પણ ઘણી બધી સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે એ મારો અનુભવ રહ્યો છે.'' એવી એમની અનુભવજન્ય શ્રદ્ધાનો રણકો મને સંભળાયો છે.

આવા શિક્ષકોને સમાજ શોધીને પોંખે નહીં

તો સમાજ નગુણો ગણાય, પણ સદ્‌ભાગ્યે આપણો સમાજ નગુણો નથી. નાથાભાઈને 'સાંદિપની', 'ચિત્રકૂટ', 'પ્રતિભાશાળી શિક્ષક' જેવા અનેક સન્માનો થકી સમાજે પોંખ્યા છે. છેલ્લે આ તમામ સન્માનનું શિરછોગું ગણાય એવા 'મનુભાઈ પંચોળી - સોક્રેટીસ' સન્માનથી તેઓ સન્માનિત થયા છે.

આપણે ત્યાં કહેવત છે ''નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ'' એ મુજબ જો વિદ્યાર્થી વાત્સલ્ય, શિક્ષણ-સમાજ પ્રત્યેની નિસબત, સમય પાલન, કામઢાપણું, વિદ્યાર્થીઓ તરફથી મળેલ પ્રેમ વગેરેની ગણના જો વ્યક્તિના ધન તરીકે થતી હોય તો એવા ધનથી સમૃદ્ધ નાથાભાઈ, નાથાલાલ નહીં પણ નાથાલાલ શેઠ કહેવાય! એમના શિક્ષકત્વને સલામ સાથે જય જગત...

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ થી ચાલુ)

માણસોમાં વિદ્યા કે સદ્‌ગુણો ન હતા અને છતાં પોતા પ્રત્યેનો પ્રજાનો આદર તેમને જાળવી રાખ્યો છે. તેમની પાસે રાજસત્તા અથવા ધનદોલત નહીં પણ એક પછી એક બુદ્ધિશાળી માણસો પેદા કરીને તેઓ તેમનું મહત્ત્વ જાળવી શક્યા. પ્રજાની સેવામાં તથા સમાજના હિતને અર્થે પોતાનું બલિદાન આપવામાં તેમનો ફાળો નોંધપાત્ર છે. દરેક યુગમાં આગળપડતી વ્યક્તિઓના દૃષ્ટાંતથી આખા વર્ગે લાભ ઊઠાવ્યો છે, અને પ્રજાનો આદર કોઈ મોટા દરજ્જા માટે નહીં પણ ગુણ માટે હતો. રિવાજ તો જે કોઈ વ્યક્તિમાં વિદ્યા તથા સૌજન્ય હોય તેને માન આપવાનો હતો. અબ્રાહ્મણો અને અછૂત વર્ગની વ્યક્તિઓ પણ પ્રજાના આદરને પાત્ર બન્યાના અને સંતો તરીકે લેખાયાના અગણિત દાખલાઓ મળી આવે છે.

આ નાણાંના યુગમાં આજે પણ એ પરંપરાની અસર સારી પેઠે જણાય છે. ગાંધીજી બ્રાહ્મણ ન હોવા છતાં હિંદના સર્વોપરી આગેવાન થઈ શકે છે અને તેમની પાસે ધન કે કોઈ અધિકારના દરજ્જાનું પીઠબળ ન હોવા છતાં કરોડો હિંદવાસીઓના હૃદય હલાવી શકે છે. પ્રજા કેવા પ્રકારના આગેવાન પ્રત્યે પોતાની નિષ્ઠા દર્શાવે છે એ બીના કોઈ પણ પ્રજાની સાંસ્કૃતિક પરંપરા તથા તેના જ્ઞાત અને અજ્ઞાત જીવનની પરીક્ષા કરવા માટેની કામ આવે તેવી કસોટી છે.

હિંદી સભ્યતા અથવા હિંદની આર્ય સંસ્કૃતિનો મધ્યવર્તી ખ્યાલ ધર્મ છે. ધર્મ એ કોઈ સંપ્રદાય કે પંથ તથા જીવનસિદ્ધાંતનો વ્યાપક ખ્યાલ છે. એ માણસના કર્તવ્યને લગતો, પોતા પ્રત્યે તેમ જ બીજાઓ પ્રત્યે તેને બચાવવાની ફરજોને લગતો ખ્યાલ છે. ધર્મ એ આખું વિશ્વ તથા તેમાં અંતર્ગત થયેલી બધીયે વસ્તુઓ નીતિના જે મૂળભૂત નિયમને સ્વીકારે છે તે ઋતુનો જ એક ભાગ છે. વિશ્વમાં આવી સુવ્યવસ્થા રહેલી હોય તો માણસે એની સાથે પોતાનો મેળ સાધવો રહ્યો. તેની સાથેનો સુમેળ જળવાઈ રહે એ રીતે તેણે આ જગતમાં આચરણ કરવું જોઈએ. માણસ પોતાના કર્તવ્યનું પાલન કરે અને તેના કાર્યો નીતિની દૃષ્ટિએ બરાબર હોય તો અનિવાર્યપણે તેના સારા પરિણામ લાવે. પ્રાચીનકાળમાં સર્વત્ર અમુક અંશે આવી જ જીવન દૃષ્ટિ હતી. આજના જમાનાના વ્યક્તિઓના, સમૂહોના તથા રાષ્ટ્રોના હક માટેના આગ્રહને મુકાબલે એ તદ્દન ભિન્ન હતી.

- પંડિત જવાહરલાલ નહેરૂ

(''મારું હિંદનું દર્શન'')

# આંબાની ભાઈબંધી

- અર્જુનસિંહ કે. રાઉલજી

દીપુ નાના ગામમાં રહે. તેના ગામમાં માત્ર ચાર જ ફળિયા હતા. તેમાંથી છેલ્લા ફળિયામાં દીપુ રહે. એ ફળિયું પૂરું થાય એટલે ગામની સીમ (ખેતરો) શરૂ થાય. એમાં પહેલું જ ખેતર દીપુનું. એ ખેતરમાં દીપુના પપ્પા શું વાવે છે અને શું પાકે છે - એમાં દીપુને કોઈ જ રસ નહોતો. પણ એ ખેતરના શેઢે એક આંબો હતો. અને દીપુના દાદા જીવતાં હતાં ત્યારે તે કાયમ સવાર સાંજ દીપુને લઈને ત્યાં પહોંચી જતાં. એ આંબા નીચે એક હિંચકો હતો. દીપુ દાદા સાથે એ હિંચકે ઝૂલતો. પવનથી ફર ફર થતાં પાંદડાં જાણે કે દીપુ સાથે વાતો કરતાં. આંબો હાલે, ડોલે અને ઝૂમે તેનાથી જે પવન આવે તે પવનમાં દીપુને આંબાના સ્પર્શનો અનુભવ થતો. આમ આંબો દીપુ સાથે વાતો કરે, દીપુના માથાને પંપાળે, તેના વાળ સંવારે, તેના ગાલે પવન ટપલી મારે... દાદા તો હવે રહ્યા નહોતા, પણ દીપુને આંબા સાથે ભાઈબંધી થઈ ગઈ હતી. ઘરમાં કોઈ દીપુને મારે કે ધમકાવે એટલે તે ખેતરમાં દોડ્યો જાય, આંબા નીચે હિંચકા ઉપર બેસી ડૂસકાં ભરે એટલે આંબો પૂછે, ‘‘શું થયું દીપુ?’’ દીપુ ઘરમાં બનેલી આખી ઘટના આંબાને કહી સંભળાવે. આંબો તેને સાંત્વના આપે, તેના ગાલ પંપાળે, વાળમાં હાથ ફેરવે અને દીપુને છાનો રાખે...! આ એક ક્રમ જ થઈ ગયો હતો.

કેરીઓની સિઝનમાં જો દીપુ રિસાઈને આંબા પાસે જાય તો આંબો એને છાનો રાખે અને મસ્ત મજાની કેરી ખાવા આપે. કેરી કાચી હોય તો પણ દીપુને ખાટી ના લાગે, મીઠી જ લાગે. પાકી કેરી હોય તો તો દીપુને ઓર મજા આવે. ઘરમાં કોઈ દીપુને ન મનાવે, એ રિસાયો હોય તો ઘરનાં બધાં જ કહે - એને આંબા પાસે જવા દો, આંબો એનો ભાઈબંધ છે, તે જે તેને મનાવી શકે, તેજ તેને હસાવી શકે અને ખુશ કરી શકે. આંબે કેરીઓ લાગેલી હોય કે ના લાગલી હોય, દીપુને કેરી ખાવા મળે કે ના મળે, પણ આંબા પાસે ગયેલો દીપુ ખુશ થઈને જ આવે. આંબો તેનો સુખદુઃખનો સાથી જ થઈ ગયો હતો.

ધીમે ધીમે આંબો ઘરડો થવા લાગ્યો અને દીપુ મોટો થવા લાગ્યો. આંબા અને દીપુની ભાઈબંધી પણ ગાઢ થવા લાગી. બીજા કોઈને દીપુ અને આંબાની વાતોમાં સમજ ના પડે, પણ દીપુ આંબાની વાત સમજી જાય અને આંબો દીપુની વાત સમજી જાય...!

તે દિવસે દીપુનું એક જગ્યાએ ઈન્ટરવ્યુ હતું. દીપુએ બધી તપાસ કરી હતી, પણ ઈન્ટરવ્યુ લેનાર સાહેબ પચાસ હજાર રૂપિયા માંગતા હતા. જે પચાસ હજાર રૂપિયા આપે તેને નોકરી આપવાના હતા. દીપુને પણ આ નોકરી જોઈતી હતી. આથી દીપુ આંબા પાસે

ગયો અને આંબાને બધી વાત કરી. દીપુની વાત સાંભળીને આંબાએ કહ્યું - હું તને પચાસ હજાર તો શું પણ લાખ રૂપિયાની પણ મદદ કરી શકું એમ છું. જો મારા ઉપર લૂમે લૂમે કેટલી બધી કેરીઓ લાગેલી છે? પણ મારી સલાહ એવી છે કે આમ નોકરી આપવાના પૈસા લેતા હોય એ સાહેબ ભ્રષ્ટાચારી જ કહેવાય...! એમની પાસે નોકરી ના કરાય...! એ ક્યારેક આપણને જ ભેરવી દે...! આપણે ફસાઈ જઈએ... પછી તારી મરજી. દીપુ થોડોક ટાઈમ તો વિચાર કરતો રહ્યો પછી બોલ્યો, ''દોસ્ત! અત્યારે નોકરી મળતી જ નથી. એટલે આવું બધું વિચારવાનો સમય નથી. તું મને પચાસ હજાર રૂપિયાની મદદ કર.. હું તારો અહેસાન નહિ ભૂલું..''

''અરે! દોસ્ત, એમાં અહેસાન શાનો? દોસ્ત દોસ્તના કામ ના આવે, તો એ ભાઈબંધી શાની? તું મારા ઉપરથી પાકી પાકી બધી જ કેરીઓ ઉતારી લે, અને વેચી આવ. તને પૈસા મળી જશે..'' દીપુએ તો આંબાએ કહ્યું એ પ્રમાણે કેરીઓ ઉતારી અને વેચી દીધી, તેને પચાસ હજાર રૂપિયા કરતાં વધારે પૈસા મળ્યા... દીપુને એ પૈસામાંથી નોકરી પણ મળી ગઈ. દીપુ ખુશ થઈ ગયો અને નોકરીનો ઓર્ડર લઈ આંબા પાસે ગયો, આંબાના મૂળમાં એ ઓર્ડર મૂકી આંબાને પગે લાગ્યો. તેના થડને તે બાઝી પડ્યો. દીપુ પણ ખુશ અને આંબો પણ ખુશ. હવે તો દીપુ અને આંબાની ભાઈબંધી વધારે ગાઢ બની. દીપુ બે ટાઈમ આંબા પાસે જઈ હિંચકે બેસવા લાગ્યો. બંને ભાઈબંધો વાતો કરવા લાગ્યા.

વળી પાછી દીપુને આંબાની મદદની જરૂર પડી. તેનાં બા મરી ગયાં. તેમની અંતિમ વિધિ કરવાની હતી, પણ દીપુ પાસે પૈસા નહોતા. આથી તે આંબાને બાઝી રડવા લાગ્યો. આંબાએ તેના ગાલ પંપાળતા, તેની આંખો લૂછતાં પૂછ્યું, ''શું થયું દીપુ?'' દીપુ બોલ્યો, ''મારાં બા મરી ગયાં.'' કહી તે રડવા લાગ્યો અને રડતાં રડતાં જ બોલ્યો, ''એમની અંતિમ વિધિ માટે પૈસા નથી..'' આંબો બોલ્યો, ''દીપુ, હવે શું કરીશું? મારી પાસે પણ કેરીઓ આવેલી નથી..'' પછી આંબો થોડો સમય વિચાર કરતો રહ્યો, પછી બોલ્યો, ''દીપુ, એક કામ કર, મારી ઉપર ઉપરની ડાળીઓ કાપી, જે લાકડું આવે તે વેચી દે, તને પૈસા મળશે એમાંથી તું બાની અંતિમ વિધિ કરી શકીશ..'' દીપુએ એમ જ કર્યું અને બાની અંતિમ વિધિ પતાવી.

હવે તો દીપુ નોકરી કરતો હતો, આથી તેને આંબા નીચે બેસવા જવાનો કે આંબા સાથે વાતો કરવાનો પણ સમય મળતો નહોતો. આમ છતાં રજાના દિવસે ક્યારેક ક્યારેક તે આંબા પાસે પહોંચી જતો. બંને ભાઈબંધો સુખ દુઃખની વાતો કરતાં રહેતા. આંબો પણ હવે તો ઘરડો થયો હતો. તેના ઉપર ખાસ કરીઓ પણ આવતી નહોતી.

તે દિવસે દીપુ લાંચ લેતા રંગે હાથ પકડાઈ ગયો. પકડનાર સાહેબ પણ લાંચિયા જ હતા. તેમણે કહ્યું કે જો ત્રીસ હજાર રૂપિયા આપે તો જવા દઉં, નહીંતર તેની નોકરી ગઈ. દીપુ તો આંબા નીચે આવી રડવા લાગ્યો. આંબાએ તેના

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# વિદ્યાર્થી આલમ

## ચલો શાળાએ જઈએ

વસંતના વાયરા વહેતા ચાલ્યા
ચલો શાળાએ જઈએ
વર્ષાના વધામણા કરવાના આવ્યા
ચલો શાળાએ જઈએ
શાળાઓ ખુલશે ને ક્ષિતિજો ફૂલશે
ચલો શાળાએ જઈએ
નવું નવું જાણવા ને જ્ઞાન પામવા
ચલો શાળાએ જઈએ
જ્ઞાન જોડવા ને અજ્ઞાનને ફોડવા
ચલો શાળાએ જઈએ
આ યુગને જગાડવા ને બદીને ભગાડવા
ચલો શાળાએ જઈએ
કરવા નિજ વિકાસ ને પૂરવા આશ
ચલો શાળાએ જઈએ
સ્વાર્થ, પરમાર્થ ને રાષ્ટ્રને કાજે
ચલો શાળાએ જઈએ
સંસ્કારથી રૂડી સંસ્કૃતિ શણગારવી
ચલો શાળાએ જઈએ

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૯ થી ચાલુ)

ગાલ સહેલાવ્યા, તેનાં આંસુ લૂછ્યા અને પૂછ્યું કે શું થયું? દીપુએ બધી વાત કરી એટલે આંબો થોડોક ટાઈમ વિચાર કરતો રહ્યો, પછી બોલ્યો, ''દીપુ, હવે ના તો મારી પાસે કેરી છે કે ના એટલું લાકડું છે કે હું તને કહું કે તું ડાળીઓ ઉપર ઉપરથી કાપીને લઈ જા... એમાં તને પૈસા મળે એટલાં લાકડાં નહિ મળે.. પણ તુ એક કામ કર, આમેય હું તો હવે ઘરડો જ થયો છું. તું મને થડમાંથી જ કાપી નાખ અને લાકડાં વેચી દે...''

''થડમાંથી કાપુ તો તો તું મારી જ જાય, ફરીથી નાં ફૂટે...'' દીપુ બોલ્યો.

''તો વાંધો પણ શું છે? હું મરતા મરતાં તો તને કામ લાગીશ ને?'' આંબો બોલ્યો.

દીપુ રડી પડ્યો અને બોલ્યો, ''ના...ના.. દોસ્ત, તારા ભોગે મારે મારી નોકરી નથી બચાવવી, ભલે નોકરી જતી પણ મારે મારો ભાઈબંધ તો જોઈએ જ..'' આ સાંભળી આંબા ઉપર રહેલા રડ્યા ખડ્યા પાન પણ તાળીઓ પાડવા લાગ્યા અને કહેવા લાગ્યાં, ''વાહ, તમારી દોસ્તી... ભાઈબંધી...''

૪૨, કૃષ્ણશાંતિ સોસાયટી-૨, મુજમહુડા,
અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦

# શિક્ષણ સમાચાર

**અશોકભાઈ સોમપુરા**

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**સીબીએસઈ.માં ધોરણ-૩ અને ધોરણ-૬માં નવા સિલેબસ પુસ્તકો :**

એનસીઈઆરટી દ્વારા ધોરણ-૬ અને ધોરણ-૩ના સિલેબસમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સીબીએસઈની શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ શરૂ થયું છે ત્યારે નવો કોર્સ લાગુ કરવા માટે સીબીએસઈને સૂચના આપવામાં આવી છે. આથી નવા શૈક્ષણિક વર્ષથી સીબીએસઈમાં ધોરણ-૬ અને ધોરણ-૩ માટે નવા પુસ્તકો લાગુ થશે. જ્યારે અન્ય ધોરણમાં કોઈ ફેરફાર નથી.

**પ્રથમવાર પૂરક પાસ થયેલા વિદ્યાર્થીઓને રેગ્યુલર પ્રવેશ પ્રક્રિયામાં સમાવી લેવાશે :**

પ્રવેશ સમિતિ દ્વારા પ્રથમવાર ધોરણ-૧૨ સાયન્સના પૂરક પાસ વિદ્યાર્થીઓને રેગ્યુલર પ્રવેશ પ્રક્રિયામાં સમાવી લેવામાં આવશે. આ વર્ષે ડિગ્રી ઈજનેરી અને ફાર્મસીમાં પ્રથમ રાઉન્ડ બાદ પૂરક તેમજ અગાઉ રજિસ્ટર્ડ ન થયા હોય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે ફરીવાર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આમ આ વર્ષે પ્રથમવાર પૂરક પાસ વિદ્યાર્થીઓને રેગ્યુલર પ્રવેશ પ્રક્રિયામાં સમાવી લેવાશે. અગાઉ પૂરક પાસ વિદ્યાથીઓ માટે રજિસ્ટ્રેશન કરવામાં આવતું ન હતું અને તેઓને વેકેન્ટ ક્વોટાની ખાલી બેઠકમાં પ્રવેશ મળતો હતો. પ્રવેશ સમિતિના આ નિર્ણયથી પૂરક પાસ વિદ્યાર્થીઓને ઘણો ફાયદો થશે.

**ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવી કૉલેજોને મંજૂરી આપવામાં આવશે :**

ગુજરાત યુનિવર્સિટીમાં નવા એક્ટ મુજબની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોની બેઠક કુલપતિના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં જૂની કૉલેજોના ત્રણ વર્ષના પુનઃજોડાણની મંજૂરી તેમજ નવી કૉલેજોની મંજૂરી બાબતે એલઆઈસી મોકલવાથી માંડી નવા બીએસ કોર્સ માટે કૉલેજોને મંજૂરી આપવા સહિતના મુદ્દે વિગતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ બેઠકમાં ૧૮૦ થી વધુ હયાત કૉલેજોમાં ત્રણ વર્ષે અપાતા રિન્યૂઅલ જોડાણ માટે એલઆઈસીઓ મંજૂર કરાઈ હતી.

**રજિસ્ટર્ડ ભાડા કરારના નિયમને લીધે હવે રાજ્યમાં પ્રિ-સ્કૂલો ઘટશે :**

સરકાર દ્વારા પ્રિ-સ્કૂલને પણ પ્રાથમિક શિક્ષણમાં સમાવીને જાહેર કરાયેલી નવી પોલિસી અંતર્ગત રાજ્યમાં આવેલી તમામ હયાત અને નવી પ્રિ-સ્કૂલો માટે રજિસ્ટ્રેશન ફરજિયાત કરવામાં આવ્યું છે. અને જિલ્લા લેવલથી મંજૂરી આપવાનું નક્કી કરાયું છે ત્યારે હવે નવી પોલિસીમાં બંગલાઓમાં-એપાર્ટમેન્ટમાં ચાલતી પ્રિ-સ્કૂલો માટે ભાડા કરાર રજિસ્ટ્રર હોવાનો નિયમ કરાયો છે. ફરજિયાત રજિસ્ટર્ડ ભાડા કરારને લીધે હવે

બંગલાઓ અને એપાર્ટમેન્ટમાં ચાલતી સંસ્થાઓમાંથી ઘણી સંસ્થાઓ રજિસ્ટર્ડ ભાડા કરાર કરાવી શકશે નહિ અને જેને પગલે અમદાવાદ સહિતના મોટા મોટા શહેરોમાં પ્રિ-સ્કૂલોની સંખ્યા ઘટશે. આથી ઘણી પ્રિ-સ્કૂલો બંધ થઈ શકે તેવી સ્થિતિ છે.

**સરકારી યુનિવર્સિટીઓને પ્રવેશ સેલ અને ફરિયાદ નિવારણ સેલ રચવા આદેશ :**

ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી રાજયની ૧૪ સરકારી યુનિવર્સિટીઓમાં યુજી, પીજીથી માંડી પીએચડી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલની રચના કરવામાં આવી છે. ત્યારે સરકાર દ્વારા કોમન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવા અને તે માટે શી શી કાર્યવાહી-કામગીરી કરવાની જરૂર રહેશે તે માટેના ઠરાવો કરવામાં આવ્યા છે. જેમાં રાજયની ૧૪ સરકારી યુનિવર્સિટીઓને એડમિશન સેલ અને સ્ટુડન્ટ ગ્રીવન્સીસ રીડ્રેસલ (ફરિયાદ નિવારણ) સેલની રચના કરવાનો આદેશ કરાયો છે.

**મોટા પ્રમાણમાં ગુજરાતના વિદ્યાર્થીઓ કેનેડાથી ભારત પાછા ફરી રહ્યા છે.**

નોકરીઓની વ્યાપકપણે અછત, રહેવાની સમસ્યા, ઓછી આવક સામે વધુ ખર્ચ હોવાને કારણે ભારતથી કેનેડા ગયેલા વિદ્યાર્થીઓને ભારત પાછા આવવા મજબૂર થવું પડે તેમ છે. દર વર્ષે ભારતમાંથી એક લાખ જેટલા વિદ્યાર્થીઓ કેનેડા જતા હોય છે. પંરતુ આ વર્ષે કેનેડા જવા કરતા કેનેડાથી ભારત પાછા આવવાનો ધસારો મોટા પાયે થઈ રહ્યો છે.

**એનસીઈઆરટીના પુસ્તકોમાં ફેરફાર સંવેદનશીલ વિષયો હટાવાયા :**

સ્કૂલના વિદ્યાથીઓના પુસ્તકોમાંથી અયોધ્યામાં બાબરી મસ્જિદ વિધ્વંસ અને વર્ષ-૨૦૦૨ના રમખાણોના કેટલાક ઉદાહરણો હટાવાયા છે. આ સિવાય હિન્દુત્વના સંદર્ભને હટાવવા અને મણિપુરના ભારતના વિલયના સંદર્ભમાં પણ એનસીઈઆરટીના પુસ્તકોમાં ફેરફાર કરાયો છે. એનસીઆરટીએ તેના પુસ્તકોમાં અનેક ફેરફાર કરતા તાજેતરના વર્ષોના સંવેદનશીલ વિષયોને હટાવી દીધા છે. આ ફેરફાર ન્યૂ કરિક્યુલમ ફ્રેમવર્ક (એનસીએફ)ને અનુરૂપ રૂટિન અપડેટનો એક ભાગ છે. ધોરણ-૧૧ અને ૧૨ના પોલિટિકલ સાયન્સ અને સોશિયલ સાયન્સના પુસ્તકોમાં પણ ફેરફાર કરાયા છે. પુસ્તકોમાં આ પ્રકારના ફેરફાર અંગે એનસીઈઆરટીનું કહેવું છે કે દેશના રાજકારણમાં છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો થયા છે. જેના કારણે અભ્યાસક્રમ અપડેટ કરાયો છે.

**એલએલબી અને એલએલએ થયેલાં આદિવાસી યુવક-યુવતીઓને પ્રેક્ટિસ સહાયમાં વધારો કરાયો.**

ગુજરાતમાં કાયદાના સ્નાતક આદિવાસી યુવક અને યુવતીઓ પ્રેકટિસ શરૂ કરે તો પ્રથમ વર્ષે હવે ૧૦,૦૦૦ (દસ હજાર રૂપિયા), બીજા વર્ષે ૮૦૦૦/- (આઠ હજાર રૂપિયા) અને ત્રીજા વર્ષે ૬૦૦૦ (છ હજાર રૂપિયા) દર મહિને ચૂકવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલાં ૫૦૦ (પાંચસો)થી ૧૦૦૦ (હજાર) રૂપિયા સહાયતા મળતી હતી. આ વર્ષે કુલ ૫૦ લાભાર્થીને ૨.૩૪ કરોડ અને પાંચ ટકા વહીવટી ખર્ચના ૧૧ લાખ મળીને કુલ ૨.૪૫ કરોડની નવી યોજનાને વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપર)


# પ્રકાશન વિભાગ



**શિક્ષણપ્રયોગ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૨૨૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**ડોલ્ટન યોજના**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૭૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**વિરલ વિદ્યાપુરુષ**
ડૉ. મોહનભાઈ પંચાલ
કિંમત : ૧૦૦/-
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ



**શિક્ષણ વિચાર**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**જીવનલક્ષી શિક્ષણ**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૬૦/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



**કોઈએ નહોતું કીધું**
હરભાઈ ત્રિવેદી
કિંમત : ૪૫/-
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




**સ્મરણયાત્રા**
જશીબેન નાયક
કિંમત : ૧૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



**સપનાં થયાં સાકાર**
હરિત પંડ્યા
કિંમત : ૧૨૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય





**સ્મૃતિ સુમન**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**કાળી વાદળી ઉજળી કોર**
જશીબેન નાયક
કિંમત : ૧૬/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**સ્મૃતિના અસવાર**
જશીબેન નાયક
કિંમત : ૪૫/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય




**LIGHT IN THE EAST**
FREDA WHITLAM
Price : 40/-
Publisher :
Saraswati Vidya Mandal

NEW


**સંભારણાં**
કિંમત : ૧૭૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મૃતિ ઝરણાં**
કિંમત : ૧૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW


**સ્મરણ પુષ્પ**
કિંમત : ૬૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

NEW




**સરદાર ગાથા**
કિંમત : ૫૦/-
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

**ઘરશાળા**
મે-૨૦૨૪

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

## ૧૮ એપ્રિલ (વિશ્વ સ્થાપત્ય દિવસ)


# બાઈ હરીરની વાવ











**આ વાવનું બાંધકામ વાવમાં રહેલા ફારસી શિલાલેખ મુજબ સુલતાની બાઈ હરીરે ૧૪૮૫માં કરાવેલું. જ્યારે વાવમાં રહેલ સંસ્કૃત શિલાલેખ મુજબ પાંચ માળની આ વાવનું બાંધકામ ડિસેમ્બર-૧૪૯૯માં થયેલ છે. મહંમદ શાહના શાસનમાં બાઈ હરીર સુલતાની, જે સ્થાનિક લોકોમાં દાઈ હરીર તરીકે જાણીતા હતા. તેમણે આ વાવનું બાંધકામ કરાવેલું. સુલતાની રાણી વાસમાં મુખ્ય નિરીક્ષક હતી. વાવનું આ નામ પછીથી દાદ હરીરમાં ફેરવાઈ ગયું. દરેક જગ્યાએ સુંદર કોતરણી ધરાવતી આ વાવનું બાંધકામ ૩,૨૯,૦૦૦ મહમુદીયો (રૂપિયા ત્રણ લાખથી વધુ) ખર્ચે તે સમયે થયું હતું. વાવમાં કૂવાની બાજમાં નીચે જવા માટે સર્પાકાર સીડી આવેલી છે. જે જુદા-જુદા ઝરૂખાના સ્તર પરથી નીચે જાય છે.**

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું